સુવિચાર
"વૃક્ષ આપણને શીખવે છે કે અંદરથી તૂટવાનું નથી, ફૂટવાનું છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૨/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૯ વર્ષ : ૧૭ અંક : ૦૫૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

દર મહિનાના બીજા ગુરૂવારે
તારીખ : ૧૨/૦૨/૨૦૨૬
સમય : સવારે ૧૦ : ૦૦ થી ૧ : ૦૦
પેટ- આંતરડાના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં..
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ ( ગોળ દવાખાનું )
પહેલી વાર બતાવવા આવો ત્યારે ભૂખ્યા પેટે આવવું...
૨૫ વર્ષથી વધુ વર્ષોનો અનુભવ ધરાવતી સૌરાષ્ટ્ર - કચ્છની જાણીતી પ્રાઈમ હોસ્પિટલના પેટ - આંતરડા અને લીવરના નિષ્ણાંત
❖એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી ( દુરબીન વડે પેટની તપાસ ) ની સુવિધા ઉપલબ્ધ
ડો.અવ્વલ સાદીકોટ
MD,DNB (Gastro)
ગોલ્ડ મેડાલીસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 81288 66553 / 99789 66629

## આગામી દિવસોમાં પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો હોય કામગીરીનું નિરીક્ષણ

# અમરેલી પાલિકામાં ભાજપનું ૫ વર્ષનું શાસન વિવાદીત રહ્યું

**પાંચ વર્ષમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિતનાં પદાધિકારીઓ પણ અઢી વર્ષે બદલાયા**

**પાંચ વર્ષ પહેલા ભાજપે ચૂંટણીમાં આપેલ વાયદા અને વચનો પૂર્ણ થયા કે નહી તે જોવુ રહ્યું**

**આગામી ૭૦થી ૯૦ દિવસમાં પૂનઃ સામાન્ય ચૂંટણી યોજાવાની હોય નવા વચનોનો થશે વરસાદ**

**જો કે ભાજપે આપેલ અમુક વચનો પૂર્ણ થયા અને અમુક વચનો ભૂલી જવાયા**

અમરેલી, તા. ૧૦

અમરેલી પાલિકામાં ભાજપનાં શાસનનાં પાંચ વર્ષ થઈ રહ્યા હોય તે સમયે પાંચ વર્ષ પહેલા ભાજપે ચૂંટણી જીતવા આપેલ વચનો પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી રહ્યા તેનું પરીક્ષણ કરવું જરૂરી બન્યુ છે. જેમાં સફાઈ, પીન્ક ટોયલેટ, આધુનિક સર્કલ, સ્ટ્રીટલાઈટ, બાગ–બગીચા આપવાની સુવિધાની કામગીરીમાં શાસકો નિષ્ફળ રહ્યા છે.

અમરેલી નગરપાલિકામાં તાજેતરમાં જ ચુંટાયેલ બોર્ડની પાંચ વર્ષની મુદ્દત પૂરી થવામાં હવે ગણતરીના જ દિવસો બાકી રહયાં છે. ત્યારે આગામી નવા બોર્ડની રચના માટેનાં બોર્ડની ચૂંટણી જાહેર ન થાય ત્યાં સુધી અમરેલી પાલિકામાં વહીવટદારનું શાસન આવે તેવી



શકયતા છે.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પાલિકાએ કરેલા કામ ઉપર નજર કરીએ તો ભાજપ શાસિત અમરેલી પાલિકાના આ પાંચેય વર્ષો વિવાદિત રહ્યાં છે. જેમને લોકોએ મત આપી ચૂંટીને પોતાના પ્રતિનિધિ તરીકે એ વિકાસ કરવા માટે મોકલ્યા હતા તે જન પ્રતિનિધિઓ મોટાભાગે આંતરીક

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

# લાઠી પો. સ્ટે.નાં એન.ડી.પી.એસ.નાં ગુન્હામાં છેલ્લા પાંચેક માસથી નાસતા-ફરતા આરોપીની અટકાયત

**આરોપી ગોપાલભાઈ સાટીયા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૦

પેરોલ ફલો ટીમ દ્વારા પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૯૩૦૩૪૨૫૦૨૦૯/૨૦૨૫ એન.ડી.પી.એસ. એ્ટ ક.૧૫ (સી), ૮(સી), ૨૯ મુજબના કામે છેલ્લા પાંચ માસથી નાસતા ફરતા આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટ્રેકિલ સોસડ મારફતે હકીકત મળતા ભરૂચ ખાતે તપાસ તજવીજ કરી નાસતા ફરતા આરોપીને તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ ભરૂચ ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાયડવાહી કરવા સારૂ લાઠી પો.સ્ટે.ને સોંપી આપવા તજવીજ



કરેલ છે.

આ કામે લાઠી પો.સ્ટે. એન.ડી.પી.એસ. એકટ ક.૧૫(સી), ૮(સી), ૨૯ મુજબના ગુન્હાના કામેના મુખ્ય આરોપીઓએ આશરે પાંચેક માસ પહેલા ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાથડ સુકા ડોડાના ખાલી ખોખા તથા તેના ભુકાનો જથ્થો વજન–૫૯.૮૮૦ કિ.ગ્રા. કુલ કિંમત રૂા. ૦૧,૭૯,૬૪૦નો જથ્થો વગર પાસ પરમીટે પોતાના રહેણાંક મકાનમાં રાખેલ તેમજ અંગજડતીમાંથી મળી આવેલ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫૦૦૦ તથા એક મોટો વજન કાંટો

અનુસંધાન પાના ૬ ઉપર

## કયાં શુકનમાં ભુગર્ભ ગટર બની છે કે સમસ્યા પુરી થતી નથી

# લીલીયા મોટાની નાવલી બજારમાં છેલ્લા એક માસથી ચાલતી ભૂગર્ભ ગટરની કામગીરીથી વેપારીઓની માઠી દશા

**શાકભાજી, ફ્રુટ અને પાથરણા પાથરી વેપાર કરનાર સૌ પરેશાન**



લીલીયા મોટા, તા. ૧૦

લીલીયા નાવલી બજારમાં એક માસથી ચાલતી ભૂગર્ભ ગટર કામગીરીથી વેપારીઓની માઠી દશા શાકભાજી ફ્રુટ અને પાથરણા પાથરી વેપાર કરતાં વેપારીઓ હેરાન પરેશાન,લીલીયા શહેરના લોકોને પાછલા એક દાયકા ઉપરાંતના સમયથી ભૂગર્ભ ગટર યોજનાએ સુવિધા કરતા દુવિધા વધારે આપી છે વર્તમાન સમયમાં શહેરની નાવલી બજારમાં કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટરની કામગીરી નાવલી બજારમાં પાછલા એક માસથી ગોકળ ગાયની ગતિએ ચાલી રહી છે પાછલા એક

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

દુઃખદ અવસાન/બેસણું
સ્વ.લીલાવંતીબેન રમણિકલાલ દવે
સ્વ. તા. ૦૯/૦૨/૨૦૨૬ને સોમવાર
અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, અમારા પૂજય માતુશ્રી, લીલાવંતીબેન રમણિકલાલ દવે તા. ૯/૨/૨૦૨૬ સોમવારનાં રોજ કૈલાશવાસી થયેલ છે, સદાશીવ સદ્‌ગતને શાશ્વત શાંતી અર્પે એજ પ્રાર્થના...
સદ્‌ગતનું બેસણું તા. ૧૨/૨/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે.
સ્થળ : શ્રી પરિમલ પંડયા (I.A.S.) જિલ્લા વિકાસ અધિકારીશ્રી નો બંગલો, સુખ નિવાસ કોલોની, અમરેલી
લી.
શ્રી સુભાષ રમણિકલાલ દવે
શ્રી વિજય રમણિકલાલ દવે
શ્રી પ્રકાશ રમણિકલાલ દવે
કિરણબેન પરિમલકુમાર પંડયા
રીટાબેન જગદીશકુમાર જોષી
મધુરીબેન મુકેશકુમાર દવે

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૯૬૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્પે. ગુજરાતી થાળી
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અંકિત માકડિયા — ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ — પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત — તા. ૧૨/૦૨/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૮:૦૦ થી ૦૧:૦૦
ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ — લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત — તા. ૧૩/૦૨/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૦૪:૩૦ થી ૦૫:૩૦
ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૧૩/૦૨/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦
ડો. ડેનિશ સાવલીયા — નેફ્રોલોજીસ્ટ — કિડનીના રોગોના નિષ્ણાંત — તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. મનિષ પદ્દણી — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ — હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૫/૦૨/૨૦૨૬- રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
( જુના કેસ રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

## ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણાએ આડેધડ વાહન પાર્ક કરનારને દંડ ફટકાર્યો

# અરે વાહ : વડિયા પોલીસે ટ્રાફિક સમસ્યા દૂર કરવા કરી લાલ આંખ

**અવનવી નંબર પ્લેટ, ડાર્ક ગ્લાસ, નંબર પ્લેટ વગરનાં વાહનચાલકોને દંડ ફટકાર્યો**

**મનફાવે ત્યાં વાહન પાર્ક કરનારને દંડ ફટકારતા જનતામાં પણ રાહતની લાગણી**

**જિલ્લાનાં મુખ્ય મથકમાં ઠેકઠેકાણે ટ્રાફિક સમસ્યા ભયાનક સ્તરે છતાં કોઈ કાર્યવાહી થતી નથી**

**નાના એવા વડિયા ગામે થયેલ કામગીરીથી જિલ્લાનાં મુખ્ય મથકનાં પીઆઈ પણ અનુકરણ કરે તે જરૂરી**








અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાનાં છેવાડે આવેલ નાના એવા ગામમાં પીઆઈ એ.એન. ગાંગણાએ ટ્રાફિક સમસ્યા દૂર કરવા માટે મનફાવે ત્યાં વાહન પાર્ક કરનાર, અવનવી નંબર પ્લેટ લગાવનાર, નંબર પ્લેટ ન લગાવનાર, ડાર્ક ગ્લાસ કારમાં લગાવનાર સહિતનાં વાહન માલિકોને દંડ ફટકારતાં ગ્રામજનોમાં રાહતની લાગણી ફરી વળી છે.

બીજી તરફ અમરેલી શહેરમાં ટ્રાફિક પોલીસ કયાંય જોવા જ મળતી નથી. શહેરનાં નાગનાથ ચોક, લાયબ્રેરી ચોક, સરદાર સર્કલ, વીર હમીરસિંહજી સર્કલ, શાકમાર્કેટ વિસ્તાર, ભીડભંજન ચોક, બસપોર્ટ ચોક સહિતનાં વિસ્તારોમાં દિ'ઉગેને ભયાનકપણે ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે. એકલ દોકલ ટીઆરસી જવાન જોવા મળે પણ તેઓ ટ્રાફિક વ્યવસ્થા ઉપર કાબુ મેળવી શકતા નથી.

શહેરમાં સૌથી ટ્રાફિક ધરાવતાં નાગનાથ ચોકમાંથી પસાર થવું એટલે લોઢાનાં ચણા ચાવવા જેવું સાબિત થાય છે. મહિલાઓ, વૃધ્ધો જરાપણ ગફલતમાં રહે તો અકસ્માત થયા વિના રહે નહી. ટ્રાફિકથી ધમધમતાં વિસ્તારમાં આડેધડ વાહન પાર્કિંગ, ખાનગી વાહનોનો જમેલો જોવા મળી રહ્યો છે. મીડિયામાં કયારેક અહેવાલ પ્રસિધ્ધ થાય એટલે એકાદ દિવસ કામગીરી કરવામાં આવે બાકી રાબેતા મુજબ શહેરીજનો પરેશાન થયા કરે.

પોલીસ અધિક્ષકે ખાનગી કારમાં શહેરનાં ઉપરોકત સ્થળોએ પીકઅવરમાં ચકકર લગાવીને ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કરાવે તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

---

**પ્રદેશ કોંગી પ્રવકતા ડો. મનિષ દોશીની આકરી પ્રતિક્રિયા**

## ભાજપનાં રાજકીય કાર્યક્રમમાં સરકારી વરિષ્ઠ અધિકારીઓની ભાગીદારી

**ભાજપ દ્વારા સરકારી મશીનરી અને કર્મચારીઓનાં બેફામ દુરૂપયોગનું સ્પષ્ટ ઉદાહરણ**

અમદાવાદ, તા. ૧૦



ભાજપાના કમલમ કાર્યાલય ખાતે યોજાયેલ પક્ષીય કાર્યક્રમમાં જોડાયેલ સરકારી વેતન અને સુવિધા મેળવતા વરિષ્ઠ તબિબો અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિએ કરેલ નિયમોના ઉલ્લંઘન અંગે મહામહિમ રાજયપાલ અને રાજયના મુખ્ય સચિવને પત્ર લખીને કડક પગલા ભરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપાના પક્ષીય કાર્યક્રમ તા. ૧ ફેબ્રુઆરીના રોજ કમલમ ખાતે યોજાયો હતો. જેમાં સરકારી કર્મચારી, સીવીલ હોસ્પીટલના સુપ્રિટેન્ડન્ટ ડો. રાકેશ જોષી, પેરાપ્લેજીયા વિભાગના વડા ડો. પિયુષ મિત્તલ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ ગજ્જર જોડાયા હતા. ઉપરોક્ત ત્રણેય સરકારી કર્મચારીઓએ ગુજરાત સર્વીસ રૂલ્સનો સદંતર ઉલ્લંઘન કરેલ છે. સાથો સાથ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ ગજ્જરે ગુજરાત સરકાર અને ગુરજારત પબ્લીક યુનિવર્સિટી એકટના ચેપ્ટર–૩ જોડાણ ૧૫(એફ)નું સ્પષ્ટ પણે ઉલ્લંઘન કરેલ છે.

સરકારી નાણાંથી વેતન અને સુવિધાઓ મેળવતા વરિષ્ઠ સરકારી કર્મચારીઓ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય કમલમ ખાતે પક્ષીય કાર્યક્રમમાં જોડાઈને સરકારી સેવાના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે. આ ઘટના રાજયમાં ભાજપા ધ્વારા સરકારી મશીનરી અને કર્મચારીઓના બેફામ રાજકીય દુરૂપયોગનું સ્પષ્ટ ઉદાહરણ છે. આ કૃત્ય સીધું જ ગુજરાત સિવિલ સર્વિસીસ (કન્ડકટ) રૂલ્સ,૧૯૭૧ના નિયમ ૫નું ઉલ્લંઘન છે, જેમાં સરકારી કર્મચારીને કોઈપણ રાજકીય પક્ષ અથવા રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવા, સહયોગ આપવા કે સંલગ્ન રહેવાની સખત મનાઈ છે. આ ઉપરાંત, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ ગજ્જરે ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ, ૨૦૨૩નું પણ ઉલ્લંઘન કર્યું છે, જેમાં કુલપતિને રાજકીય પક્ષ અથવા પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહેવાની પ્રતિબંધ છે.

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ભાજપ સરકાર ધ્વારા સરકારી તંત્ર, નાણાં અને કર્મચારીઓનો પક્ષીય રાજકીય લાભ માટે દુરૂપયોગ થઈ રહ્યો છે. હવે તો સરકારી સિવિલ હોસ્પિટલના વડા અને યુનિવર્સિટીના કુલપતિ જેવા વરિષ્ઠ અધિકારીઓ પણ ખુલ્લેઆમ ભાજપના કાર્યક્રમોમાં જોડાઈ રહ્યા છે, જે લોકશાહી અને બંધારણીય મૂલ્યોનું ઘોર અપમાન છે. આવું ચાલુ રહે તો સરકારી સેવાઓની નિષ્પક્ષતા અને જનતાનો વિશ્વાસ નાશ પામશે.

રાજયના બંધારણીય વડા તરીકે મહામહિમ રાજયપાલને વિનંતી કરવામાં આવી છે કે, આ ગંભીર બાબતની તાત્કાલિક તપાસ કરાવીને સંબંધિત અધિકારીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ કરી છે.

---

## અમરેલી : આર.ટી.ઓ કચેરીમાં આજથી ડ્રાઈવીંગ ટેસ્ટ શરૂ

અમરેલી, તા. ૧૦

આર.ટી.ઓ કચેરી અમરેલી ખાતે આવતીકાલ તા. ૧૧/૨/૨૦૨૬ને બુધવારથી ડ્રાઈવીંગ ટેસ્ટની કામગીરી રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે, જેની નોંધ અમરેલીની જાહેર જનતાએ લેવી તેમ એ.આર.ટી.ઓ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

---

**ધારાસભ્ય તળાવિયાની રજુઆત બાદ**

## કોટડાપીઠાથી કર્ણુકીના કાચા માર્ગ સુધી સુવિધાપથ બનશે

**સમગ્ર પંથકના ગ્રામજનો ખુશીનો માહોલ**

બાબરા, તા. ૧૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધા માટે રાજય સરકાર દ્વારા રૂા.૧.૩૦ કરોડનાં ખર્ચે સુવિધાપંથ (સી.સી.રોડ) મંજુર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજુઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

---

**આગેવાનોની ઉપસ્થિતિમાં**

## લીલીયા મોટા ખાતે વિરાણી પરિવારમાં લગ્નોત્સવ યોજાયો

**રાજયમંત્રી વેકરિયાએ શુભેચ્છા પાઠવી**



લીલીયા મોટા, તા. ૧૦

ધારાસભ્ય મહેશ કસવાલા, બગસરા શરાફી મંડળીનાં ચેરમેન રશ્વિન ડોડીઆની ઉપસ્થિતિમાં લીલીયા મુકામે ચિ. જીગર અને અ.સો.હી.ના લગ્ન પ્રસંગે મહાનુભાવો ભીખાભાઈ ધોરાજીયા, નિતેષભાઈ ડોડીઆ (પૂર્વ ઉપપ્રમુખ નગરપાલિકા) જયદીપભાઈ નાકરાણી, જીગ્નેશભાઈ સાવજ, ભનુભાઈ ડાભી, પરીનભાઈ સોની, જીવનલાલ વેકરીયા, બાલાભાઈ મેઘાણી, અરજણભાઈ ધામત, વિજયભાઈ શેખલીયા તથા સમસ્ત વિરાણી પરિવારની હાજરીમાં લગ્નોત્સવ યોજાયો. જે રવિભાઈ વ્યાસ (દાદા)ની યાદી જણાવે છે.

---

**નાગરિકોનાં નાણા બેન્કમાં પણ અસલામત**

## અમરેલીનાં વ્યાસ દંપતીના બેન્ક ખાતામાંથી ૧.૨ લાખનું ઓનલાઈન ફ્રોડ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૦

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ભકિતનગર સોસાયટીમાં રહેતાં તૃપ્તિબેન ભુપતરાય વ્યાસના એસ.બી.આઈ. બેંક અકાઉન્ટ તથા તેણીના પતિના AXIS બેંક એકાઉન્ટ જે તેણીના પતિના મોબાઈલમાં રહેલ ફોન–પે એપ્લીકેશનમાં ઉપરોકત બંને બેંક એકાઉન્ટ લીંક હોય, જે તેણીના પતિના ફોન કોઈ અજાણ્યા આરોપીએ UPI ID, rajakumar 07070909@okhdfcbank, 9839526385. wallet @ phonepeથી તેણીના તથા તેણીના પતિના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૧,૦૨,૧૦૦નું ઓનલાઈન ફ્રોડ કરી ઠગાઈ કરી ગુન્હો કર્યાની તેણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

**એસ.ટી. તંત્રને સુવિધા આપવામાં શુ તકલીફ પડે છે**

## જાફરાબાદ જુના બસ સ્ટેશન (બંદર ચોક) સુધી બસ નહીં આવવાથી મુસાફર જનતામાં આક્રોશ વ્યાપ્યો

**મુસાફર જનતા એક કિલોમીટર દુર ચાલવા મજબુર**

અમરેલી, તા. ૧૦



જાફરાબાદ શહેરમાં આવતી એસટી બસો છેલ્લા કેટલાક સમયથી (બંદર ચોક) જુના બસ સ્ટેશન સુધી આવતી નથી જેના કારણે મુસાફર જનતા રઝળી પડે છે. જેની મૌખિક રજૂઆત કરવાથી તંત્ર દ્વારા જણાવવામાં આવે છે કે ત્યાં આરસીસી રોડ બનતો હોય જેથી કરીને એસટી બસ આવી શકતી નથી પરંતુ તેની સામે લક્ઝરી બસો તેમજ અન્ય હેવી વાહનો આ રોડ ઉપરથી પસાર થઈ બંદર ચોક સુધી આવી રહ્યા છે. પરંતુ એસટી બસ કુની મનમાનીથી બંદર ચોક સુધી બસ લાવતા નથી જયારે અન્ય ડેપોની બસ જેમકે ઉના, સાવરકુંડલા, વગેરે ડેપોની બસો બંદર ચોક સુધી આવે છે. પરંતુ રાજુલા ડેપોની બસ બંદર ચોક સુધી શા માટે લાવવામાં આવતી નથી કારણ કે અહીં સુધી અન્ય વાહનો આવતા હોય પરંતુ રાજુલા ડેપોની બસોના ડ્રાઈવર કંડકટરની મનમાની તેમજ ડેપો મેનેજરની પણ મનમાનીથી મુસાફર જનતાને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. તેમજ બસ સ્ટેશન બાજુમાં જેને ચોકડી કહેવામાં આવે છે. ત્યાં એક બાજુમાં આરસીસી રોડ બની ગયો હોય ત્યાંથી હેવી વાહનો તથા પ્રાઈવેટ વાહનો એક સાઈડમાંથી જતા હોય પરંતુ રાજુલા ડેપોની બસોની મનમાનીથી મુસાફર જનતા બસ સ્ટેશનથી પગપાળા ચાલીને એક કિલોમીટર સુધી દૂર ચાલીને જવું પડતું હોય તેમાં સીનીયર સીટીઝન તેમજ બાળકો મહિલાઓ તેમજ બીમાર દર્દીઓને બંદર ચોક સુધી પગપાળા જવુ પડી રહ્યું છે. પરંતુ એક સાઈડ રોડ બની ગયો હોવા છતાં પણ મુસાફર જનતા જનાર્દનને બસોના ડ્રાઈવર કંડકટર તેમજ ડેપો મેનેજરની મનમાનીથી મુસાફર જનતા જનાર્દન પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. શું આબતે એસટી તંત્ર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે કે પછી અપના કામ બનતા તો ભાડમે જાય જનતા તેવું અપનાવવામાં આવશે..?? તેવું મુસાફર જનતા જનાર્દનમાંથી ચર્ચાઓ થઈ રહી છે. જુના બસ સ્ટેન્ડથી મુસાફર જનતા એક કિલોમીટર દૂર બસ સ્ટેશન સુધી પગપાળા જવુ પડી રહ્યું છે. મુસાફર જનતા ને સારી સુવિધાઓ આપવાને બદલે એસટી બસ મુસાફરોની હેરાનગતિ કરવામાં આવી રહી છે. આ બાબતે એસટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ મુસાફર જનતામાંથી ઉઠી રહી છે.

# અમરેલી જિલ્લામાં હજારો મતદારોનો અધિકાર છીનવાતો હોવાનો આક્ષેપ

# સાવરકુંડલા : મતદારો માટે જીવાદોરી સમાન મતનો અધિકાર છીનવવાનો પ્રયાસ નિંદનીય

**લગભગ તમામ આક્ષેપો કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવતાં હોય શંકાની સોય સ્વાભાવિકપણે ભાજપ તરફ જોવા મળે છે**

**જો કોંગ્રેસની શંકા સાચી હોય તો વિશ્વની સૌથી મોટી પાર્ટીએ આવું કરવાની જરૂર શું છે તે સમજાતુ નથી**

**અમરેલી જિલ્લાનાં મતદારો ખોબલે-ખોબલે મત આપતી હોય છતાં શું કામ મતનો અધિકાર છીનવે તે સમજાતુ નથી**

**જો કે કોંગ્રેસનો આક્ષેપ છે કે ભાજપ વિરોધી મતદાન કરનારનાં મતને રદ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાં ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયા ભાજપ માટે મત ચોરીનું સાધન બની ગઈ હોવાનો હવે ખુલ્લો પુરાવો સામે આવ્યો છે. ૮૦૦૦થી વધુ ફોર્મ નં–૭ ૪૫થી વધુ ત્રાહિત અને અજાણ્યા વ્યકિતઓ દ્વારા ભરાવામાં આવ્યા હોવાની હકીકત એ સાબિત કરે છે કે આ કોઈ પ્રશાસનિક પ્રક્રિયા નહોતી, પરંતુ મતાધિકાર છીનવવાનો પૂર્વ આયોજિત રાજકીય ષડયંત્ર હતું.

કોંગ્રેસ દ્વારા માંગવામાં આવેલી માહિતી પરથી સ્પષ્ટ થયું છે કે ફોર્મ નં–૭નો વ્યાપક દુરૂપયોગ ભાજપ દ્વારા વિચારપૂર્વક, આયોજનબદ્ધ રીતે અને ચોક્કસ રાજકીય લાભ માટે કરવામાં આવ્યો છે. મતદારોને મતદાનથી દૂર રાખવા માટે ખોટા નામો, ખોટી સહી અને ખોટા ચૂંટણીકાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો જે સીધે સીધો બંધારણ અને લોકશાહીના મુખ પર સિધો વાર છે.

આ ગંભીર કૌભાંડ સામે કોંગ્રેસ પક્ષે તા. ૫/૨/૨૦૨૬ના રોજ જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની આગેવાની હેઠળ ઈઆરઓ અને નાયબ કલેકટર, સાવરકુંડલા સમક્ષ આવેદનપત્ર પાઠવી ભાજપના આ કાળા કારસ્તાનને ઉજાગર કર્યું હતું. સ્પષ્ટ માંગ કરવામાં આવી હતી કે મતદારોના નામ કમી કરવા માટે ખોટી રીતે દાખલ કરાયેલા તમામ ફોર્મ નં–૭ તાત્કાલિક રદ કરવામાં આવે અને આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકોને કાયદાનો પાઠ ભણાવવામાં આવે.

ભાજપના જુઠ્ઠાણાં પર સૌથી મોટો પ્રહાર ત્યારે થયો જયારે સાવરકુંડલા તાલુકાના સરપંચ નરેશભાઈ ભરતભાઈ ખુમાણે પોતે એફિડેવિટ આપી જાહેર કર્યું કે તેમના નામ અને ચૂંટણીકાર્ડનો તેમની જાણ અને મંજૂરી વગર દુરૂપયોગ કરી ફોર્મ નં–૭ ભરવામાં આવ્યા છે. આંબા ગામના ૫૮ સહિત અન્ય અનેક ગામોના મતદારો સામે તેમની કોઈ સહી નથી, કોઈ સંમતિ નથી અને કોઈ વાંધો નથી છતાં ભાજપે તેમના નામે વાંધા ઉભા કર્યા.

આ એફિડેવિટ ભાજપ માટે ચાર્જશીટ સમાન પુરાવો છે. હવે સ્પષ્ટ છે કે ભાજપે સરપંચ સહિત સામાન્ય નાગરિકોને આગળ કરી, પાછળથી સત્તાનો દુરૂપયોગ કરીને મત કાપવાની ષડયંત્રાત્મક રમત રમી છે. ભાજપનું લોકશાહી વિરોધી ચહેરૂં હવે જનતા સામે નિર્વસ્ત્ર બની ગયું છે.


કોંગ્રેસ પક્ષ સ્પષ્ટ ચેતવણી આપે છે કે આ તમામ ખોટા, ફ્રોડયુકત અને ષડયંત્રાત્મક ફોર્મ નં–૭ તાત્કાલિક રદ કરવામાં આવે, સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ થાય અને સાચા ગુનેગાર સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે. આ સમગ્ર મામલે દિન પાંચની અંદર ઈઆરઓ તથા નાયબ કલેકટર દ્વારા ફોર્મ નં–૭ના દુરૂપયોગમાં સંડોવાયેલા ૪૫થી વધુ લોકો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે. જો આ સમયમર્યાદા દરમ્યાન કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહીં આવે તો આ મુદ્દે કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં ન્યાયપાલિકાનો દરવાજો ખખડાવશે અને બંધારણીય અધિકારોના રક્ષણ માટે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવશે. મતાધિકાર પર હુમલો કરનાર કોઈને પણ કાયદાના ચુંગાળેથી બચવા નહીં દેવામાં આવે એવી કડક ચેતવણી પ્રતાપ દુધાતે આપી હતી.

આજે સ્પષ્ટ થઈ ગયું છે કે ભાજપ મતોથી જીતવામાં નિષ્ફળ જાય છે, તેથી હવે મતદારને જ કાઢી નાખવાની રાજનીતિ કરે છે. પરંતુ સાવરકુંડલાની જનતા આ ષડયંત્રને કયારેય સફળ થવા નહીં દે.

### શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલીત

## અમરેલીમાં બી.એન. વીરાણી સ્કુલ ખાતે 'ઈન્ટરનેટ અવેરનેસ' વિષય પર સેમીનાર યોજાયો

**વકતા તરીકે રવિ ગુપ્તાએ સેમીનારને સંબોધન કર્યુ**



અમરેલી, તા. ૧૦

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઉચ્ચ પ્રાથમિક શાળા, અને શ્રી બી.એન. વિરાણી માધ્યમિ ગર્લ્સ સ્કૂલ, ખાતે 'ઈન્ટરનેટ અવેરનેસે' વિષય પર સેમીનાર યોજાયો હતો. સેમીનારના વક્તા ડિસ્ટ્રીકટ ઈન્ફોમેટીક ઓફીસર એવા રવિ ગુપ્તાએ સેમીનાર લીધેલ હતો.

તેમણે ઈન્ટરનેટ અવેરનેસના સુરક્ષિત ઉપયોગ, સાઈબર સુરક્ષા તથા ડિજિટલ જાગૃતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિએ

## અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આજે ભાવવંદના કરવામાં આવશે

**ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના નેતૃત્વાનં કાર્યક્રમ યોજાશે**





અમરેલી, તા. ૧૦

જનસંઘનાં સ્થાપક, એકાત્મ માનવ દર્શન તેમજ અંત્યોદય વિચારધારાનાં વાહક પં. દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિએ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

ભારતીય જનતા પક્ષનાં આદર્શ પં. દીનદયાળ ઉપાધ્યાયજીનાં નિર્વાણ દિવસને પાર્ટી દ્વારા 'સમર્પણ દિન' તરીકે મનાવવામાં આવે છે. તે અંતર્ગત અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં વડપણ હેઠળ પ્રદેશ ભાજપ અગ્રણી અને ભાવનગર મહાનગરનાં પૂર્વ પ્રમુખ અભયસિંહ ચૌહાણ મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહેશે અને પંડિતજીના જીવન વિશે તેમજ તેમની સંગઠન પ્રત્યેની પ્રતિબદ્ધતા વિશે કાર્યકરોને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીનાં જીલ્લાભરનાં આગેવાનો– કાર્યકરો ઉપસ્થિત રહેશે, કાર્યક્રમને સફળ બનાવવા જીલ્લા ભાજપ કોષાધ્યક્ષ અને કાર્યક્રમનાં ઈન્ચાર્જ દિપકભાઈ વઘાસિયા, સહ ઈન્ચાર્જ મૂકેશભાઈ ખોખરિયા તથા સાગરભાઈ સરવૈયા જહેમત ઉઠાવી રહ્યાં છે તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.






































### કેન્દ્રએ જાહેર કર્યા નિયમ

# AIથી બનેલા ફેક વીડિયો સોશિયલ મીડિયા પરથી ૩ કલાકમાં હટાવવા પડશે

## AI દ્વારા ડીપફેક અને નકલી ઓડિયો-વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવે છે, જેના કારણે લોકો સુધી ખોટી માહિતી પહોંચે છે

નવી દિલ્હી,તા.૧૦

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ અને સદઉપયોગ ખૂબ વધી રહ્યો છે. ઘણીવાર છૈં દ્વારા ડીપફેક અને નકલી ઓડિયો-વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવે છે, જેના કારણે લોકો સુધી ખોટી માહિતી પહોંચે છે, ત્યારે સરકારે AIથી બનેલા કન્ટેન્ટને લઈને નવા નિયમો જાહેર કર્યા છે, જેની સીધી અસર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ કંપનીઓ પર પડશે. નવા નિયમ મુજબ હવે ઈન્ટરનેટ પરનું કોઈપણ કન્ટેન્ટ AI ટુલ્સથી બનેલું હશે તો તેના પર સ્પષ્ટ લેબલ લખવું ફરજીયાત કરાયું છે. નવા નિયમો ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૬થી લાગુ થશે.જયારથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શરૂઆત થઈ છે, ત્યારથી AI ટુલ્સથી ડીપફેક વીડિયો, નકલી ફોટાઓ અને નકલી ઓડિયો બનાવવાની સામગ્રીમાં વધારો થયો છે અને આવા કન્ટેન્ડ ઈન્ટરનેટ પર ઝડપથી ફેલાઈ રહ્યા છે. આવા કન્ટેન્ટ અસલી છે કે નકલી, તે યુઝર્સ માટે જાણવા મુશ્કેલ હોય છે. ત્યારે આજ કારણે સરકારનું માનવું છે કે, તેનાથી ખોટી માહિતી ફેલાઈ રહી છે, કેટલાકની બદનામી થઈ રહી છે, છેતરપિંડીની ઘટનાઓ પણ વધી છે. આ સમસ્યાનું નિવારણ લાવવાના પ્રયાસો હેઠળ નવા નિયમો લાવવામાં આવ્યા છે.કોમ્પ્યુટર અથવા અલ્ગોરિધમ દ્વારા ઓડિયો, વીડિયો, ફોટો અથવા વિઝ્યુઅલ બનાવીને તેને ઈન્ટરનેટ પર શેર કરવામાં આવે છે અને આવા કન્ટેન્ટ સંપૂર્ણ અસલી લાગતા હોય છે, ત્યારે આવી ગેરમાર્ગે દોરનારી સામગ્રીને અટકાવવી ખૂબ જરૂરી છે, તેથી જ કેન્દ્ર સરકારે કૃત્રિમ સામગ્રીની સ્પષ્ટ પરિભાષા જાહેર કરી છે.નવા નિયમો મુજબ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે છૈંથી બનેલા ફેક અને ગેરકાયદે કન્ટેન્ટ માત્ર ત્રણ કલાકની અંદર હટાવવા પડશે. અગાઉ આ સમયગાળો ૩૬ કલાકનો હતો. જો કોઈ ડીપફેક વીડિયો, નકલી ડોક્યુમેન્ટ અથવા ભડકાઉ AI કન્ટેન્ટ ફેલાઈ રહ્યું છે, તો પ્લેટફોર્મ્સે તાત્કાલીક કાર્યવાહી કરીને તેને હટાવવું પડશે. સરકારનું માનવું છે કે, આમાં વિલંબ થવાના કારણે તે ઘણું ફેલાઈ જાય છે.

નવા નિયમોમાં એવું પણ કહેવાયું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ દર ત્રણ કલાકે યુઝર્સના નિયમોની માહિતી આપવી પડશે. આમાં યુઝર્સને સ્પષ્ટ કહેવામાં આવશે કે, જો AIથી બનેલું ગેરકાયદે અથવા વાંધાજનક કન્ટેન્ટ શેર કરશો તો તેમના વિરુદ્ધ AI એક્ટ, નવા ફોજદારી કાયદા, POCSO અને અન્ય એક્ટ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ એવા ટૂલ્સ લગાવવા પડશે જે AI દ્વારા બનાવવામાં આવેલા કન્ટેન્ટની ઓળખ કરી શકે. આવા કન્ટેન્ટ પર સ્પષ્ટ લેબલ દેખાવું જોઈએ. તેની સાથે એક ડિજિટલ ઓળખ અથવા મેટાડેટા જોડવો પડશે જેને હટાવી ન શકાય. આનો ઉદ્દેશ્ય એ છે કે કોઈપણ AI કન્ટેન્ટ ઓળખ વગર ફેલાય નહીં.

કેટલાક કન્ટેન્ટ મામલે ખાસ કડકાઈ દાખવવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે બાળકો સાથે જોડાયેલ યૌન સંબંધીત કન્ટેન્ટ, મંજૂરી વગરની પ્રાઈવેટ તસવીરો અથવા વીડિયો, નકલી ડોક્યુમેટ્, હથિયારો અથવા હિંસા દેખાડતા કન્ટેન્ટ તાત્કાલીક બ્લોક અથવા હટાવવા પડશે. આ ઉપરાંત કોઈપણ વ્યક્તિ અથવા ઘટનાના ડીપપેક વીડિયો સામે પણ આવી જ કાર્યવાહી કરવી પડશે. જો આમાં બેદરકારી દાખવવામાં આવશે તો કંપનીઓ સામે કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપવામાં આવી છો.

સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, નવા નિયમોના કારણે નકલી અહેવાલો, ડીપફેક અને ભ્રામક પ્રચાર ફેલાતો અટકાવી શકાશે. આનાથી યુઝર્સનો ઓનલાઈન પ્લેટફોર્મ પર વિશ્વાસ વધશે. બીજીતરફ કંપનીઓ સામે નવો પડકાર ઉભો થયો છે. આ માટે તેમણે ટેકનોલોજીમાં મોટાપાયે રોકાણ કરવું પડશે. તેઓએ છૈં કન્ટેન્ટને ઓળખતી સિસ્ટમ બનાવવી પડશે. દરેક પોસ્ટ પર નજર રાખવું સરળ કામ નથી. જોકે કેન્દ્ર સરકારનું વલણ સ્પષ્ટ છે કે, હવે AIથી બનેલા કન્ટેન્ટ પર ગંભીરતાથી ધ્યાન આપવામાં આવશે. સોશિયલ મીડિયા પર જે કન્ટેન્ટ ફરી રહ્યું છે, તેની જવાબદારી માત્ર યુઝર્સની જ નહીં, પ્લેટફોર્મ્સની પણ છે.

### ઈઝરાયલની ટ્રમ્પને ચેતવણી

# ઈરાન સાથે દુશ્મનાવટ મામલે ઈઝરાયલે હવે અમેરિકાને જ આપી ધમકી

## ઈરાનનો આક્રમક મિસાઇલ કાર્યક્રમ તેમના અસ્તિત્વ માટે મોટો ખતરો છે, તેથી તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરવા તૈયાર નથી

ઈરાન,તા.૧૦

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા તણાવને કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકા દ્વારા ઈરાનને વારંવાર લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી રહી છે, જે દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વોશિંગ્ટનની મુલાકાતે જઈ રહ્યા છે. ઈઝરાયલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ઈરાન તેની બેલિસ્ટિક મિસાઈલની નિર્ધારિત 'રેડ લાઈન' ઓળંગશે, તો ઈઝરાયલ અમેરિકાની મદદ વગર પણ એકલે હાથે તેહરાન પર સૈન્ય હુમલો કરી શકે છે. ઈઝરાયલના રક્ષા અધિકારીઓનું માનવું છે કે ઈરાનનો આક્રમક મિસાઈલ કાર્યક્રમ તેમના અસ્તિત્વ માટે મોટો ખતરો છે, તેથી તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરવા તૈયાર નથી.ઈઝરાયલને એવી ચિંતા સતાવી રહી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ ઈરાન પર માત્ર મર્યાદિત લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ પસંદ કરી શકે છે, જે રીતે યમનમાં હુતી બળવાખોરો સામે કરવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે જો અમેરિકા માત્ર જૂજ ટાર્ગેટ પર હુમલો કરીને સંતોષ માની લેશે, તો ઈરાનની મુખ્ય સૈન્ય અને મિસાઈલ ક્ષમતા સુરક્ષિત રહેશે અને તેનો ભોગ અંતે ઈઝરાયલને બનવું પડશે. આ ગંભીર ચર્ચાઓ વચ્ચે ઈઝરાયલની વાયુસેનાના ભાવિ કમાન્ડર બ્રિગેડિયર જનરલ ઓમર ટિશલર પણ નેતન્યાહુ સાથે અમેરિકા જશે, જે આક્રમક રણનીતિના સંકેત આપે છે.

બીજી તરફ, ઓમાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીતમાં કોઈ નક્કર પરિણામ આવતું દેખાતું નથી. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે તેહરાન બેલિસ્ટિક મિસાઈલો અથવા તેમના પ્રાદેશિક સંગઠનો(પ્રોક્સી ગ્રૃપ્સ) મુદ્દે કોઈ ચર્ચા કરશે નહીં. ઈરાને પોતાના પરમાણુ પ્રોજેક્ટને કાયમી ધોરણે બંધ કરવાની માંગ પણ ફગાવી દીધી છે.

આ તણાવ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈએ જનતાને સંબોધતા કહ્યું છે કે, 'રાષ્ટ્રની સાચી તાકાત માત્ર મિસાઈલોમાં જ નહીં, પરંતુ દુશ્મનને જડબાતોડ જવાબ આપવાના મક્કમ નિર્ધારમાં છે.' બુધવારે ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિની ઉજવણી માટે રેલીઓ યોજાવાની છે, જેની પૂર્વસંધ્યાએ આ નિવેદન પશ્ચિમના દેશો માટે મોટો પડકાર માનવામાં આવે છે.

### વાઈલ્ડ પાર્ટીમાં મહેમાન બન્યા હોવાનો દાવો

# એપસ્ટિન ફાઈલ્સ કેસમાં ઈલોન મસ્ક અને ઝુકરબર્ગ પણ ફસાયા

## ઇલોન મસ્ક અગાઉ અનેકવાર કહી ચૂક્યા હતા કે તેઓ ક્યારેય એપસ્ટિનની કોઈ પાર્ટીમાં ગયા નથી

નવી દિલ્હી,તા.૧૦

જેફરી એપસ્ટિન કેસમાં તાજેતરમાં જાહેર થયેલા દસ્તાવેજોએ ટેક જગત અને વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલી કેટલીક તસવીરોમાં ટેસ્લાના માલિક ઈલોન મસ્ક અને મેટાના CEO માર્ક ઝુકરબર્ગ વર્ષ ૨૦૧૫ની એક વાઈલ્ડ ડિનર પાર્ટીમાં એપસ્ટિન સાથે જોવા મળ્યા છે. આ ખુલાસો એ સમયે થયો છે જ્યારે ઈલોન મસ્ક અગાઉ અનેકવાર કહી ચૂક્યા હતા કે તેઓ ક્યારેય એપસ્ટિનની કોઈ પાર્ટીમાં ગયા નથી.

ઓગસ્ટ ૨૦૧૫માં કેલિફોર્નિયામાં એક ભવ્ય ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર થયેલી તસવીરમાં મસ્ક અને ઝુકરબર્ગ એક લાંબા ટેબલ પર આમને-સામને બેઠેલા જોવા મળે છે.

આ ફોટો કથિત રીતે ખુદ એપસ્ટિને જ ક્લિક કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે એપસ્ટિને ૨ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ તેના મિત્ર પીટર એટિયાને ઈમેલ મોકલીને જાણ કરી હતી કે તે તે રાત્રે મસ્ક, ઝુકરબર્ગ અને પેપાલના કો-ફાઉન્ડર પીટર થિએલ સાથે ડિનર કરવાનો છે. બાદમાં ૨૦ ઓગસ્ટે અન્ય એક ઈમેલમાં તેણે આ પાર્ટીને વાઈલ્ડ (અત્યંત રોમાંચક) ગણાવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ફોટોની એક કોપી એપસ્ટિને પોતાના મેનહેટનના એપાર્ટમેન્ટમાં લગાવી હતી.

ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(FBI) દ્વારા કરવામાં આવેલી તપાસમાં કેટલાક નવા પાસા પણ બહાર આવ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, વર્ષો સુધી ચાલેલી તપાસ, બેંક રેકોર્ડ્સની ચકાસણી અને પીડિતોના નિવેદનો છતાં એવા કોઈ મજબૂત પુરાવા મળ્યા નથી કે એપસ્ટિન મોટા અને શક્તિશાળી લોકો માટે કોઈ સંગઠિત 'સેક્સ ટ્રાફિકિંગ રિંગ' ચલાવી રહ્યો હતો. જોકે, એપસ્ટિન પોતે સગીરાઓના યૌન શોષણમાં સામેલ હોવાના પુરાવા મળ્યા હતા, પરંતુ તેના હાઈ-પ્રોફાઈલ મિત્રો આ ગુનામાં સીધી રીતે સામેલ હતા કે કેમ તે અંગે પૂરતા પુરાવા મળ્યા નથી. હાલમાં એસોસિએટેડ પ્રેસ અને અન્ય મીડિયા સંસ્થાઓ લાખો પાનાના આ દસ્તાવેજોની તપાસ કરી રહી છે, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, બિલ ક્લિન્ટન અને બિલ ગેટ્સ જેવા મોટા નામોનો પણ ઉલ્લેખ હોવાનું મનાય છે. આગામી સમયમાં આ મામલે વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

### રાજીનામાંની અટકળો વચ્ચે PM સ્ટાર્મરનું મોટું નિવેદન

# એપસ્ટિન ફાઈલ્સના કારણે યુકેના રાજકારણમાં ભૂકંપ

## આ વિવાદ વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર તરીકે પીટર મેન્ડલસનની નિમણૂકને લઈને શરૂ થયો છે

બ્રિટન,તા.૧૦

બ્રિટનના રાજકારણમાં અત્યારે ભારે ખળભળાટ મચી ગયો છે. વડાપ્રધાન કીર સ્ટાર્મર કુખ્યાત ગુનેગાર જેફરી એપ્સ્ટિન સાથે જોડાયેલા વિવાદને કારણે ચોતરફથી દબાણમાં છે. આ વિવાદ વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર તરીકે પીટર મેન્ડલસનની નિમણૂકને લઈને શરૂ થયો છે, કારણ કે મેન્ડલસનના એપ્સ્ટિન સાથેના સંબંધોના દસ્તાવેજો સામે આવ્યા છે.

આ મામલે સ્ટાર્મરે પહેલા માફી માંગી હતી અને સાંસદો પાસે કાર્યકાળ પૂરો કરવા માટે સમર્થન માંગ્યું હતું, પરંતુ હવે તેમના સૂર બદલાયા છે. તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે તેઓ વડાપ્રધાન પદ પરથી રાજીનામું નહીં આપે અને છેલ્લા શ્વાસ સુધી આ વિવાદ સામે લડત આપશે.જોકે, લેબર પાર્ટીની અંદરથી જ સ્ટાર્મર સામે બળવો ફાટી નીકળ્યો છે. અનેક સાંસદો અને સ્કોટલેન્ડમાં પાર્ટીના નેતા એનાસ સરવરે પણ નેતૃત્વ પરિવર્તનની માંગ કરી છે. વિરોધ પક્ષો પણ કહી રહ્યા છે કે સ્ટાર્મરના ખોટા નિર્ણયોને કારણે દેશની સાખને નુકસાન થયું છે. આ દબાણ વચ્ચે સ્ટાર્મરે બંધ બારણે બેઠક યોજી હતી, જેમાં તેમણે આક્રમક રીતે કહ્યું હતું કે તેઓ કોઈ પણ સંજોગોમાં મેન્ડેટથી પાછળ હટશે નહીં. આ બેઠક બાદ ડેપ્યુટી પીએમ ડેવિડ લેમી અને વિદેશ મંત્રી યવેટ કૂપર જેવા મોટા નેતાઓએ જાહેરમાં સ્ટાર્મરને ટેકો જાહેર કર્યો છે.બીજી તરફ, આ વિવાદની ગંભીરતાને જોતા પોલીસ હવે પીટર મેન્ડલસન વિરુદ્ધ જાહેર પદના દુરુપયોગના શંકાસ્પદ આરોપો હેઠળ તપાસ કરી રહી છે. વડાપ્રધાનના નજીકના સાથી અને ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેકસ્વીનીએ પહેલેથી જ આ નિમણૂકની જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દીધું છે. સ્ટાર્મરે એપ્સ્ટિનના પીડિતોની માફી માંગી છે અને નિમણૂક સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર કરવાનું વચન આપ્યું છે. અત્યારે બ્રિટિશ સંસદીય પ્રણાલીમાં ચૂંટણી વગર પણ વડાપ્રધાન બદલી શકાતા હોવાથી સ્ટાર્મરની ખુરશી પર જોખમ તોળાઈ રહ્યું છે.

### સ્પીકર ઓમ બિરલાનો મોટો નિર્ણય

# અવિશ્વાસ પ્રસ્તાવનો નિકાલ ન થાય ત્યાં સુધી લોકસભામાં હાજરી નહીં આપે

## વિપક્ષનો આરોપ છે કે સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી,તા.૧૦

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમના વિરુદ્ધ વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર નિર્ણય ન આવે ત્યાં સુધી ગૃહમાં હાજરી ન આપવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી તેમને હટાવવાના પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા અને નિર્ણય ન લેવાય ત્યાં સુધી તેઓ લોકસભાની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં. જોકે સંસદીય નિયમો હેઠળ આવી કોઈ જવાબદારી નથી, ઓમ બિરલાએ ગૃહમાં હાજરી આપવાનું ટાળવાનો નિર્ણય લીધો છે.સૂત્રો કહે છે કે સરકાર અથવા વિપક્ષ તેમને મનાવવાનો પ્રયાસ કરી શકે છે, પરંતુ તેમણે પોતાનો નિર્ણય સ્પષ્ટ કરી દીધો છે કે તેઓ ગૃહમાં હાજરી આપશે નહીં.સૂત્રોના અનુસાર, ઓમ બિરલાએ મહાસચિવને નિર્દેશ આપ્યો છે કે, તેઓ આ નોટિસની તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરે. કોંગ્રેસ સાંસદ સુરેશ, ગૌરવ ગોગોઈ અને મોહમ્મદ જાવેદે લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહને આ અવિશ્વાસ પ્રસ્તાવ સોંપ્યો જેના પર ૧૧૮ સાંસદોએ હસ્તાક્ષર કર્યા હતા. લોકસભાની કાર્યવાહીના સંચાલનમાં પક્ષપાતપૂર્ણ રીતે આરોપ લગાવતા બંધારણની કલમ ૯૪(C) હેઠળ પ્રસ્તાવ રજૂ કરાયો છે.આ અવિશ્વાસ પ્રસ્તાવમાં નોંધનીય બાબત એ છે કે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી. કોંગ્રેસના સૂત્રો મુજબ, સંસદીય લોકશાહીની ગરિમાને જાળવી રાખવા માટે વિપક્ષના નેતા સ્પીકર વિરુદ્ધના પ્રસ્તાવ પર સહી કરે તે યોગ્ય નથી. વિપક્ષનો આરોપ છે કે રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન સ્પીકરે રાહુલ ગાંધી અને અન્ય નેતાઓને બોલતા અટકાવ્યા હતા અને તેમની ટિપ્પણીઓ દ્વારા કોંગ્રેસના સભ્યો પર ખોટા આક્ષેપો લગાવવામાં આવ્યા હતા, જે ગૃહની મર્યાદાની વિરુદ્ધ છે.વિપક્ષનો આરોપ છે કે સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ અંગે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'સરકારના દબાણને કારણે સ્પીકર પદની ગરિમા જળવાતી નથી અને તેમણે વડાપ્રધાનના બચાવમાં સફાઈ આપવી પડે છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે.'સંસદના નિયમો મુજબ, સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ પસાર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સાંસદોનું સમર્થન જરૂરી હોય છે અને નોટિસ આપ્યાના ૧૪ દિવસ બાદ તેના પર ચર્ચા હાથ ધરવામાં આવે છે. જ્યારે આ પ્રસ્તાવ વિચારાધીન હોય, ત્યારે સ્પીકર પોતે ગૃહનું સંચાલન કરી શકતા નથી.

### અબ્દુલ રહેમાન પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ હતો

# અયોધ્યા રામ મંદિર પર હુમલાનું કાવતરું ઘડનારાની જેલમાં હત્યા

## અબ્દુલ રહેમાનનો કથિત રીતે ISI સાથે સબંધ હોવોની માહિતી મળી હતી. અબ્દુલ રહેમાન અયોધ્યાના ઈનાયત નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો

અયોધ્યા,તા.૧૦

હરિયાણાની ફરીદાબાદ જેલમાં બંધ અયોધ્યા રામ મંદિર પર કથિત રીતે હુમલાનું કાવતરું ઘડનાર અબ્દુલ રહેમાનની હત્યા કરી દેવામાં આવી છે. ૧૯ વર્ષીય અબ્દુલ રહેમાન પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ હતો. માર્ચ ૨૦૨૫માં હરિયાણા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS)એ તેની ધરપકડ કરી હતી. રવિવારે રાત્રે ૮:૦૦ વાગ્યે ફરીદાબાદ જિલ્લા જેલમાં અબ્દુલ રહેમાન પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાથી કેદી અરુણ ચૌધરીએ તેના માથા પર તીક્ષ્ણ વસ્તુ કે પથ્થરથી ગંભીર પ્રહાર કર્યો હતો. હુમલા બાદ અબ્દુલ રહેમાનને સારવાર માટે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ કેસમાં નવો વળાંક આવ્યો છે. રોહિત ગોદારા ગેંગ તરફથી ફરીદાબાદ જેલમાં અબ્દુલ રહેમાનની હત્યા પર એક પોસ્ટ સામે આવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા રોહિત ગોદારા ગેંગના સભ્ય મહેન્દ્ર ડેલાનાએ હત્યાના આરોપી અરુણ ચૌધરીનું સમર્થન વ્યક્ત કર્યું છે. ડેલાનાએ લખ્યું કે, જે પણ દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. તેની ધરપકડ દરમિયાન સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ અબ્દુલ રહેમાન પાસેથી બે હેન્ડ ગ્રેનેડ રિકવર કર્યા હતા. અબ્દુલ રહેમાનનો કથિત રીતે ISI સાથે સબંધ હોવોની માહિતી મળી હતી. અબ્દુલ રહેમાન અયોધ્યાના ઈનાયત નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો. બે દિવસ પહેલા જ તેનો પરિવાર તેની સાથે મુલાકાત કરીને અયોધ્યા પરત ફર્યો હતો. તપાસ એજન્સીઓએ અબ્દુલ રહેમાન પર રામ મંદિર સંકુલ પર ગ્રેનેડ હુમલાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો.મહેન્દ્ર ડેલાનાએ પોસ્ટમાં લખ્યું કે, 'રામ રામ ભાઈઓ હું મહેન્દ્ર ડેલાના (રોહિત ગોદારા ગ્રુપ). ભાઈઓ કાલે રાત્રે ફરીદાબાદ જેલમાં અબ્દુલ રહેમાનની હત્યા કરી દેવામાં આવી, જે એક આતંકવાદી હતો અને રામ મંદિર પર હુમલો કરવાની પ્લાનિંગમાં સામેલ હતો. જયારે તેની ફરીદાબાદમાં ધરપકડ કરવામાં આવી હતી ત્યારે તેની પાસેથી ૨ ગ્રેનેડ મળ્યા હતા અને તે દેશ વિરુદ્ધ અનેક આતંતવાદી પ્રવૃતિઓમાં સામેલ હતો. ભાઈ અરુણ ચૌધરીએ તેને તેના અંજામ સુધી પહોંચાડ્યો, અને તેનો દિલથી આભાર માનીએ છીએ. જે પણ અમારા દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. ભાઈ અરુણ ચૌધરીને અમે દિલથી સલામ કરીએ છીએ.'બીજી તરફ જેલમાંથી ફોન આવ્યા બાદ અબ્દુલ રહેમાનનો પરિવાર ફરીદાબાદ જવા રવાના થઈ ગયો હતો. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. અબ્દુલ રહેમાનની ૨ માર્ચ, ૨૦૨૫ના રોજ હરિયાણાના પાલી ગામ નજીક બે હેન્ડ ગ્રેનેડ સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસે રામ મંદિર સંબંધિત વિગતો ધરાવતા વીડિયો પણ મળી આવ્યા હતા. અબ્દુલ રહેમાન તેના પરિવારનો એકમાત્ર વારસદાર હતો.

### ૨૨ દેશોને અમેરિકા દ્વારા મળ્યું હતું આમંત્રણ

# બોર્ડ ઓફ પીસમાં કુલ ૮ મુસ્લિમ દેશ સામેલ

## બોર્ડ ઓફ પીસમાં પાકિસ્તાન-તુર્કી સહિત ૮ મુસ્લિમ દેશોની એન્ટ્રીથી ઈઝરાયલના શ્વાસ અધ્ધર

નવી દિલ્હી,તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચોંકાવનારા નિર્ણયો લેવા માટે જાણીતા છે. તેમણે ગાઝા મામલે પણ બોર્ડ ઓફ પીસની રચના કરી છે અને તેની પહેલી મિટિંગ ૧૯ ફેબ્રુઆરીએ થવાની છે. અમેરિકાના રાષ્ટ્રપતિનું કહેવું છે કે, આ બેઠકમાં ગાઝામાં વિકાસ કાર્ય કેવી રીતે ફરી શરૂ કરવું અને ત્યાં યુદ્ધનો અંત કેવી રીતે લાવવું તેની ચર્ચા કરવામાં આવશે. આ બોર્ડમાં ઈઝરાયલ પણ સભ્ય છે, પરંતુ તેને ઝટકો લાગ્યો હોય તેવું લાગી રહ્યું છે. મામલો એ છે કે, ઈઝરાયલ પાકિસ્તાનને ક્યારેય મહત્વ આપવા માંગતું ન હતું, પરંતુ આ બોર્ડમાં ડોનાલ્ડ ટ્રમ્પની પહેલ પર પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ પણ સામેલ થશે. આટલા સુધી જ નહીં, આ બોર્ડમાં તુર્કી પણ સામેલ રહેશે, જે ફિલિસ્તીનના મુદ્દા પર ખુલ્લેઆમ ઈઝરાયલનો વિરોધ કરી રહ્યું છે.

આવી સ્થિતિમાં જો ગાઝાના ભવિષ્યને લઈ બની રહેલા કોઈપણ પ્લાનમાં જો શાહબાઝ શરીફ સામેલ થશે તો ઈઝરાયલ માટે ચિંતાની વાત છે. ઈઝરાયલ પહેલા પણ કહી ચૂક્યું છે કે, અમે પાકિસ્તાનને સામેલ કરવા માંગતા નથી. તેમ છતા પણ પાકિસ્તાનની એન્ટ્રી બેન્જામિન નેતન્યાહુ માટે ચિંતાની વાત છે. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ ૧૮ ફેબ્રુઆરીના રોજ જ વોશિંગ્ટન પહોંચી જશે અને ૧૯ ફેબ્રુઆરીના રોજ યોજનાર સમિટમાં ભાગ લેશે. આ આયોજન યુએસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસમાં યોજાવાનું છે. આ મિટિંગમાં ચર્ચા કરવામાં આવશે કે, કેવી રીતે ગાઝામાં યુદ્ધ પછીના પુનર્નિર્માણની શરૂઆત કરવામાં આવશે. આ મિટિંગમાં ઘણા દેશના નેતા અને કેટલાક આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને વ્યક્તિઓ પણ હાજરી આપશે.આ મિટિંગમાં પાકિસ્તાન અને તુર્કી સહિત કુલ ૮ મુસ્લિમ દેશ સામેલ રહેશે. જેમા સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન, ઈન્ડોનેશિયા, કતાર અને યુએઈ સામેલ છે. ઈઝરાયલની ચિંતા એ છે કે, મિટિંગમાં સામેલ બધા મુસ્લિમ દેશો એક થઈને કોઈ સ્ટેન્ડ લઈ શકે છે. ખાસ કરીને સીઝફાયરના ઉલ્લંઘનને લઈ ઈઝરાયલ પર કડક શરતો મુકવાનો જોખમ છે. આ ઉપરાંત તેની પાસેથી ચોક્કસ ગેરંટી માંગવામાં આવી શકે છે. મુસ્લિમ દેશોનું કહેવું છે કે, ગાઝામાં પુનર્નિર્માણ અને શાંતિ ત્યારે જ સંભવ છે, જ્યારે ઈઝરાયલના એક્શન પર કેટલીક લગામ લગી શકે.અમેરિકા દ્વારા કુલ ૨૨ દેશોને બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં મોટાભાગ દેશોએ સંમતિ આપી છે, પરંતુ ફ્રાન્સ જેવા તેમના મિત્ર દેશો દૂર રહ્યા છે. આ ઉપરાંત ભારતે રાહ જુઓ અને જુઓનો અભિગમ અપનાવ્યો છે. હજુ સુધી ભારતની તરફથી તેમાં ભાગ લેવાની પુષ્ટિ કરી નથી. એવું માનવામાં આવે છે કે, ભારત નથી ઈચ્છતું કે તે એવા કોઈ પ્રયાસમાં આગળ જોવા મળે, જેને ભવિષ્યમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે.

# પંજાબમાં કોલેજનાં વર્ગખંડમાં વિદ્યાર્થિનીની ગોળી મારી હત્યા

ચંડીગઢ,તા.૧૦

પંજાબનાં તરનાતરન જિલ્લામાં સોમવારે કાયદાનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીએ પોતાની સાથે ભણતી મહિલા વિદ્યાર્થિનીની ગોળી મારી હત્યા કરી હતી અને ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાને પણ ગોળી મારી હતી તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.પોલીસનાં જણાવ્યા અનુસાર અપરાધમાં વાપરવામાં આવેલ શસ્ત્ર ગેરકાયદે હતું. આરોપી ૨૦ વર્ષીય પ્રિન્સ રાજ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)નાં નિવૃત્ત જવાનનો પુત્ર છે. રાજની સ્થિતિ ગંભીર છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. જ્યારે ૧૯ વર્ષીય સંદીપ કૌરનું ઘટના સ્થળે જ મોત થયું હતું.બંને રાજ અને સંદીપ કૌર તરનતારન જિલ્લાનાં ઉસ્મા ગામમાં માઈ ભાગો લો કોલેજનાં પ્રથમ વર્ષમાં ભણતા હતાં. સંદીપ કૌરનાં પરિવારજનોએ આરોપ મૂક્યો છે કે રાજ છેલ્લા કેટલાક સમયથી સંદીપ કૌરને હેરાન કરતો હતો.સંદીપની માતા હરજિન્દર કૌરે પ્રશ્ન કર્યો હતો કે એક વિદ્યાર્થી કોલેજમાં બંદૂક લઈને કઈ રીતે આવી ગયો? સંદીપ કૌરનાં અન્ય યુવક સાથે સગાઈ થઈ ગઈ હતી અને તેના તેની સાથે લગ્ન થવાનાં હતાં.ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ જગબીર સિંહે જણાવ્યું હતું કે ક્લાસ શરૃ થવાનો હતો તે પહેલા જ પ્રિન્સે સંદીપ પર ગોળીબાર કર્યો હતો અને ત્યારબાદ પોતાને પણ ગોળી મારી હતી.પોલીસનાં જણાવ્યા અનુસાર પ્રિન્સ રાજને અમૃતસરની ગુરુ નાનક દેવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની સ્થિતિ ગંભીર બતાવવામાં આવી રહી છે.તરન તારનનાં સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ સુરેન્દ્ર લાંબાએ જણાવ્યું હતું કે હત્યા પાછળનો હેતુ જાણવા માટે તપાસ શરૃ કરી દેવામાં આવી છે.

# ઉખરૂલમાં હિંસા બાદ કરફ્યુનો આદેશ, ૫ દિવસ માટે ઈન્ટરનેટ બંધ

## ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાતાં તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા

મણિપુર,તા.૧૦

મણિપુરમાં ફરીથી હિંસા ભડકતા સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી છે. મહિનાઓ સુધી હિંસાગ્રસ્ત રહ્યા બાદ થોડા દિવસથી મણિપુરમાં શાંતિ હતી. પરંતુ હવે ઉખરુલના એક ગામમાં અનેક ઘરો પર હુમલો કરી આગચંપી કરવામાં આવી છે.

લિટન સારેઈખોંગ ગામમાં આગચંપી અને હિંસા બાદ સમગ્ર ઉખરુલ જિલ્લામાં કરફ્યુ લગાવવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈન્ટરનેટ સેવાઓ પણ પાંચ દિવસ માટે રદ કરી દેવામાં આવી છે. હિંસક તત્વોએ પર્વતીય વિસ્તારોમાં હવામાં ફાયરિંગ પણ કર્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. કેટલાક ગ્રામીણો ઘર છોડીને સુરક્ષિત સ્થાનો પર પલાયન કરી ગયા. ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાતાં તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા. સમગ્ર મામલે તંત્ર કહી રહ્યું છે કે શનિવારે રાત્રે ગામ પાસે સાત-આઠ લોકોએ એક વ્યક્તિને ઢોર માર માર્યો. જે બાદ સમાધાન કરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા. રવિવારે બેઠક મળવાની હતી પણ એ પણ થઈ શકી નહીં. જે બાદ સોમવારે અડધી રાતે હથિયારો સાથે આવેલા હુમલાખોરોએ એક વિશેષ સમુદાયના લોકોના ઘરોમાં આગ લગાવી દીધી. પછી તે સમુદાયના લોકોએ પણ સામેપક્ષે આગચંપીના પ્રયાસો કર્યા.

### વિપક્ષનું વર્તન લોકશાહી માટે શરમજનક

# ભાજપના મહિલા સાંસદોએ વિપક્ષી વર્તન સામે વ્યક્ત કરી નારાજગી

## આ પત્રમાં ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગૃહમાં બનેલી ઘટનાઓને લોકતાંત્રિક ઈતિહાસની સૌથી કાળી ક્ષણ' ગણાવવામાં આવી છે

નવી દિલ્હી,તા.૧૦

સંસદના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના સાંસદો દ્વારા કરવામાં આવેલા હોબાળા અને અશોભનીય વર્તન મામલે હવે રાજકારણ ગરમાયું છે. ભાજપના મહિલા સાંસદોએ આ મામલે સખત નારાજગી વ્યક્ત કરતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને એક પત્ર લખીને વિપક્ષી સાંસદો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ પત્રમાં ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગૃહમાં બનેલી ઘટનાઓને 'લોકતાંત્રિક ઈતિહાસની સૌથી કાળી ક્ષણ' ગણાવવામાં આવી છે.

ભાજપના મહિલા સાંસદોએ પત્રમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વિપક્ષી સભ્યોએ ગૃહની તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી. આ સાંસદો માત્ર ગૃહના 'વેલ'માં જ નહોતા ઘૂસ્યા, પરંતુ ગૃહના ટેબલ પર ચઢી ગયા હતા અને સરકારી દસ્તાવેજો ફાડીને અધ્યક્ષની ખુરશી તરફ ફેંક્યા હતા. પત્રમાં લખવામાં આવ્યું છે કે વિપક્ષના આ પ્રકારના કૃત્યથી આપણી લોકતાંત્રિક સંસ્થાઓની છબી ખરડાઈ છે.

આ ઉપરાંત, પત્રમાં ખાસ કરીને કેટલીક મહિલા વિપક્ષી સાંસદોના આક્રમક વર્તન અને સત્તાધારી પક્ષની બેઠકો સુધી ઘૂસી આવવા સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ભાજપના સાંસદોનો દાવો છે કે વિપક્ષી સભ્યોએ હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ લઈને વડાપ્રધાનની સીટને ઘેરી લીધી હતી અને વરિષ્ઠ મંત્રીઓ સુધી પહોંચી ગયા હતા. એટલું જ નહીં, ગૃહ સ્થગિત થયા બાદ પણ વિપક્ષી સાંસદો અધ્યક્ષના ચેમ્બર તરફ ધસી ગયા હતા અને ત્યાં પણ હોબાળો કરીને અધ્યક્ષનું ઘોર અપમાન કર્યું હોવાના આક્ષેપ ભાજપની મહિલા સાંસદોએ કર્યા છે.

# ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે 'સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ મીટ' યોજાઈ






ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ સંદર્ભે ભાજપા પ્રદેશ અપ્રયક્ષશ્રી જગદીશભાઈ વિકર્માની વિશેષ ઉપસ્થિતિમાં તા.૯ ફેબ્રુઆરી, સોમવારે અમદાવાદ સ્થિત કર્ણાવતી કલબ ખાતે 'સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ મીટ' યોજાઈ હતી. આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માએ યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દષ્ટિવંત નેતૃત્વ હેઠળ રજૂ થયેલ કેન્દ્રીય બજેટ અંગે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ સાથે વિસ્તૃત સંવાદ કરી બજેટમાં સમાવિષ્ટ દેશના યુવાનો, સ્ટાર્ટઅપ્સ, મહિલા સશકિતકરણ, ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રો માટેની સમાવિષ્ટ બાબતો અંગે ચર્ચા કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, આ બજેટ કન્ટેન્ટ ક્રિએટરથી કૌશલ્ય વિકાસ, Make in India થી Make for World, તેમજ ઈન્ફોર્મેશનથી ઈનોવેશનને ગતિ આપી દેશને નવા શિખરે પહોંચાડનારૂં બજેટ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આજે વિમાં નવી ઓળખ બનાવી રહ્યો છે. વિકસિત ભારતના રોડમેપ સમાન આ બજેટની બાબતો સોશિયલ મીડિયાના માધ્યમથી નાગરિકો સુધી પ્રભાવી રીતે પહોંચાડવા ઈન્ફલુએન્સર્સને અપીલ કરી જગદીશભાઈ વિકર્માએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ નાગરિકો સુધી માહિતી પંહોચાડવા સેતુરૂપ ભૂમિકા ભજવે છે. સાચી માહિતી, નીતિગત અને પ્રજાલક્ષી નિર્ણયો અને વિકાસલક્ષી યોજનાઓ જનજન સુધી પહોંચાડવામાં ઈન્ફલુએન્સર્સની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. આ કાર્યક્રમ દરમિયાન સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સે પણ સક્રિય ભાગીદારી દાખવી પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્મા સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય બજેટ જનજાગરણ અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ જૈનિકભાઈ વકીલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. ભાજપા ગુજરાત દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલ, કર્ણાવતી મહાનગર ભાજપા અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, કેન્દ્રીય બજેટ જનજાગરણ અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ જૈનિકભાઈ વકીલ, પ્રદેશ સોશિયલ મીડિયા કન્વીનર મનનભાઈ દાણી, બજેટ જનજાગરણ અભિયાનના સોશિયલ મીડિયા ઈન્ચાર્જ નિકુંજભાઈ ખાખી તથા સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

### માનસિક તણાવને દૂર કરવા માટે આ પહેલ કરવામાં આવી

# ધો. ૧૦ અને ૧૨ની આગામી પરીક્ષા માટે હેલ્પલાઇન નંબર જાહેર

### એક્સપર્ટ કાઉન્સેલર અને સાયકોલોજિસ્ટ આપશે સીધું માર્ગદર્શન, ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા માટે બોર્ડ સજ્જ

ગાંધીનગર,તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક અત્યંત રાહતરૂપ અને મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આગામી ૨૬ February, ૨૦૨૬ થી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની મુખ્ય જાહેર પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને બોર્ડે વિશેષ 'હેલ્પલાઈન સેવા' શરૂ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. પરીક્ષાના દિવસો નજીક આવતા જ વિદ્યાર્થીઓમાં જોવા મળતા સ્વાભાવિક 'પરીક્ષાના ડર' અને માનસિક તણાવને દૂર કરવા માટે આ પહેલ કરવામાં આવી છે.બોર્ડના સચિવ આર.આર. વ્યાસના જણાવ્યા અનુસાર, આ નિઃશુલ્ક ટેલિફોનિક સેવા ૧૨ February, ૨૦૨૬ થી શરૂ થશે અને ૧૮ March, ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. વિદ્યાર્થીઓ, વાલીઓ કે શાળા સંચાલકો સવારે ૧૧:૦૦ AM થી સાંજે ૦૬:૦૦ PM સુધીના સમયગાળા દરમિયાન ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પર કોલ કરીને સીધું માર્ગદર્શન મેળવી શકશે. રજાના દિવસોમાં પણ આ સેવા ચાલુ રહેશે જેથી વિદ્યાર્થીઓને સતત મદદ મળી રહે.ઘણીવાર વિદ્યાર્થીઓ પરીક્ષાના ડરને કારણે ડિપ્રેશનમાં આવી જતા હોય છે અથવા નાની અમથી મુશ્કેલીમાં પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેસતા હોય છે. આવા સમયે તેમને યોગ્ય દિશા બતાવવા માટે હેલ્પલાઈન પર વિષય નિષ્ણાતો ઉપરાંત 'એક્સપર્ટ કાઉન્સેલર' અને અનુભવી 'સાયકોલોજિસ્ટ' હાજર રહેશે. આ નિષ્ણાતો વિદ્યાર્થીઓની સમસ્યા સાંભળીને તેમને શાંત કરશે અને યોગ્ય ઉકેલ આપશે.

આ હેલ્પલાઈન દ્વારા વિદ્યાર્થીઓને માત્ર માનસિક હૂંફ જ નહીં, પરંતુ પરીક્ષાલક્ષી ટેકનિકલ માર્ગદર્શન પણ મળશે. કાઉન્સેલરો વિદ્યાર્થીઓને છેલ્લા દિવસોમાં 'સમયનું આયોજન કેવી રીતે કરવું, યાદશક્તિ વધારવાની ટિપ્સ અને પરીક્ષાખંડમાં પેપર લખવાની પદ્ધતિ વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડશે. વાલીઓ પણ પોતાના બાળકના વર્તનમાં થતા ફેરફાર અંગે અહીં ચર્ચા કરી શકશે.પરીક્ષાના કાર્યક્રમની વાત કરીએ તો, સતત બીજા વર્ષે બોર્ડની પરીક્ષાઓ પરંપરાગત માર્ચ મહિનાને બદલે ફેબ્રુઆરીના અંતમાં એટલે કે ૧૫ Days વહેલી યોજાઈ રહી છે. સત્તાવાર કાર્યક્રમ મુજબ, ધોરણ-૧૦ (SSC) ની પરીક્ષા ૨૬ February થી ૧૬ March સુધી ચાલશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (Science) ની પરીક્ષા ૨૬ February થી ૧૩ March સુધી અને સામાન્ય પ્રવાહ ની પરીક્ષા ૧૬ March સુધી ચાલવાની છે.ઉલ્લેખનીય છે કે, આ તમામ વિદ્યાર્થીઓએ ગત ૭ November, ૨૦૨૫ થી ૬ December, ૨૦૨૫ દરમિયાન બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. હવે જ્યારે પરીક્ષાના આડે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે આ હેલ્પલાઈન વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. બોર્ડે તમામ વિદ્યાર્થીઓને કોઈપણ શૈક્ષણિક કે માનસિક મૂંઝવણ હોય તો સંકોચ રાખ્યા વિના ફોન કરવા અનુરોધ કર્યો છે.GSEB ની હેલ્પલાઈન સેવા ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી શરૂ થશે અને ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે.

# ૭ વર્ષ બાદ ફરી તલાટીઓ વસૂલશે મહેસૂલ, સિટી સર્વે કચેરીનો બોજ હળવો થયો

અમદાવાદ,તા.૧૦

રાજ્યભરમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારમાં મહેસૂલની વસૂલાતની સત્તા તલાટીઓ પાસેથી આંચકી સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી પરંતુ આ સત્તા ફરીથી સાત વર્ષે પંચાયત તલાટીઓને સોંપવાનો નિર્ણય સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક દ્વારા લેવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૧૮માં પ્રસિધ્ધ થયેલા જાહેરનામા મુજબ મહેસૂલ ઉઘરાવવાની સત્તા તલાટીઓ પાસે હતી તે સત્તા તેઓ પાસેથી લઈને સિટી સર્વે કચેરીના મેન્ટેનન્સ સર્વેયરોને સોંપવામાં આવી હતી. મેન્ટેનન્સ સર્વેયરોને મહેસૂલ ઉઘરાવવાની સત્તા અપાતા જ શરૂઆતથી જ વિરોધનો વંટોળ શરૂ થયો હતો. પ્રોપર્ટીકાર્ડ બનાવવા ઉપરાંત માપણી સહિતની કામગીરી તેમજ ઓછો સ્ટાફ હોવાથી કામના બોજના કારણે મહેસૂલની ઉઘરાણી મુશ્કેલ બનતી હતી.આ અંગે ઉચ્ચ કક્ષાએ સિટી સર્વે કર્મચારીઓ દ્વારા રજૂઆતો પણ કરવામાં આવી હતી. દરમિયાન તા.૫ ફેબ્રુઆરીના રોજ સેટલમેન્ટ કમિશનરે એક પરિપત્ર બહાર પાડી તમામ જિલ્લા કલેકટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓને મોકલવામાં આવ્યો હતો. આ નવા પરિપત્રના નિયમો મુજબ હવે મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તનીય વિસ્તાર સિવાયના અને સિટી સર્વે સહિતના તમામ વિસ્તારોમાં બિનખેતીની ગામ નમૂના નંબર-૨ની વસૂલાત પહેલાની જેમ જ પંચાયત વિભાગ દ્વારા એટલે કે તલાટીઓ દ્વારા કરવાની રહેશે.આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે જાહેરનામું બહાર પડાવામાં આવ્યું હતું. ત્યારે જ સિટી સર્વે કચેરીઓએ માત્ર પરિવર્તનીય વિસ્તાર સ્પષ્ટ લખ્યું હતું પરંતુ તેનો અર્થ અલગ થતા તલાટીઓ દ્વારા વસૂલાતી મહેસૂલની રકમ સિટી સર્વે કચેરીઓના મેન્ટનન્સ સર્વેયરોના માથે નાખી દેવામાં આવી હતી.મહેસૂલ વસૂલવાની સત્તા કોના માથે તે અંગે છેલ્લા સાત વર્ષથી વિવાદ ચાલતો હતો. અગાઉ જાહેરનામા મુજબ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તનીય વિસ્તાર એટલે કે સૂચિત સોસાયટીઓની મિલકતોનું મહેસૂલ વસૂલવા માટેની સત્તા સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી પરંતુ તેનો અર્થ અલગ કરીને તમામ મહેસૂલ વસૂલવાની કામગીરી સિટી સર્વે કચેરીઓના માથે નાંખી દેવાઈ હતી જેમાં સુધારો કરી નવો પરિપત્ર બહાર પાડવાની ફરજ પડી છે. હવે માત્ર સૂચિત સોસાયટીઓનું જ મહેસૂલ સિટી સર્વે કચેરીઓ કરશે.

# જુનાગઢ મહાશિવરાત્રીના મેળામાં યોજાશે ભવ્ય ડમરુ યાત્રા

### યાત્રાના સમાપન બાદ ભવનાથ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે

જુનાગઢ ,તા.૧૦

દેવાધિદેવ મહાદેવના સાનિધ્યમાં ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે ગિરનારની તળેટીમાં પરંપરાગત રીતે વિશ્વ પ્રસિદ્ધ 'મહાશિવરાત્રી મેળો' યોજાશે. આ વર્ષે ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો આવતીકાલ તા. ૧૧ ફેબ્રુઆરીથી વિધિવત પ્રારંભ થશે. પાંચ દિવસ યોજાતા આ અલૌકિક મેળામાં આવતા શ્રદ્ધાળુઓને કોઈ પણ અગવડ ન પડે તે માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિવિધ સુવિધાઓ સાથે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જુનાગઢના સુપ્રસિદ્ધ મહાશિવરાત્રી મેળાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને દીપાવવા માટે આ વર્ષે પ્રથમવાર ભવ્ય 'ડમરુ યાત્રા'નું આયોજન કરાયું છે. આ ભવ્ય ડમરુ યાત્રા મેળાના પ્રથમ દિવસે, એટલે કે ૧૧મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૭ કલાકે ભવનાથ પ્રવેશ દ્વારથી શરૂ થઈ ભવનાથ મંદિર સુધીના અંદાજિત ૪૦૦ મીટરના માર્ગ પર ભક્તિમય માહોલમાં નીકળશે.

યાત્રાના સમાપન બાદ ભવનાથ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આટલું જ નહીં, ઈતિહાસમાં પ્રથમવાર સર્વ સમાજની દીકરીઓ કળશ ધારણ કરી સંતોનું સ્વાગત કરશે. ત્યારે આ ભવ્ય આયોજનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ સહભાગી થશે તેવી માહિતી હાલ સામે આવી રહી છે.ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રિકોના રાત્રિ રોકાણને આરામદાયક બનાવવા માટે ૮૦૦-૮૫૦ ભાવિકોની ક્ષમતા ધરાવતો વિશાળ જર્મન ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. ભાવિકો માટે ૨,૦૦૦ ચો.મી.માં ફેલાયેલા આ ડોમમાં ૭૦૦ પલંગ અને ૧૫૦ ફ્લોર બેડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે તેમને ૨૪★૭ હાઉસકીપિંગ, મેડિકલ સહાય, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ અને સામાન રાખવા માટે અલગ લગેજ રેક જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.મેળામાં આવતા નાગરિકોના વાહનોના વ્યવસ્થાપન માટે ઉપલાકોટ, પાંજરાપોળ, વાઘેશ્વરી મંદિર, જેવા ૨૫ અલગ-અલગ સ્થળોએ વિશાળ પાર્કિંગ પ્લોટ્સ બનાવવામાં આવ્યા છે. નાગરિકોના વાહનોની સુરક્ષા માટે દરેક પાર્કિંગમાં સીસીટીવી કેમેરા, પીવાનું પાણી અને શૌચાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.મેળાના માર્ગો અને મંદિરોને વધુ ભક્તિમય બનાવવામાં આવશે. જેમાં સમગ્ર ભવનાથ મેળા વિસ્તારને 'ભગવાન ભોલેનાથ'ની થીમ પર શણગાર કરવામાં આવશે. ભવનાથ મંદિરનું ફૂલોથી સુશોભન અને સમગ્ર રવેડી રૂટ પર આકર્ષક રોશની કરવામાં આવશે. ભવનાથ મંદિર, અખાડાઓ, દામોદર કુંડ અને ૬ મુખ્ય પ્રવેશદ્વારોને આકર્ષક રોશનીથી ઝળહળતા કરવામાં આવશે.આ ઉપરાંત સમગ્ર મેળા વિસ્તારમાં ભગવાન શંકરના કલાત્મક ચિત્રો પણ કંડારવામાં આવ્યા છે. ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધીના રસ્તા ઉપર સુશોભન અને લાઈટિંગ પણ કરવામાં આવી છે. આટલું જ નહીં, આ મેળાના રસ્તામાં ૦૬ - સેલ્ફી પોઈન્ટ પણ તંત્ર દ્વારા તૈયાર કરાયા છે, જે મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.ભવનાથ અને તેની આસપાસના વિસ્તારોમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ આધુનિક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ અંતર્ગત, પીવાના શુદ્ધ પાણી માટે ભવનાથમાં ૧૪૦ પરબની વ્યવસ્થા કરાઈ છે. પર્યાવરણની જાળવણી માટે ૧૦ બોટલ ક્રશર મશીન અને કોઈપણ તબીબી જરૂરિયાતને પહોંચી વળવા માટે ૨૮ મેડિકલ સુવિધા કાઉન્ટર્સ પણ કાર્યરત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, મેળા દરમિયાન કુલ ૧૧૮ હંગામી ટોયલેટ તેમજ ભવનાથ વિસ્તારમાં ૬ મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. જેમાં ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા અને ૨૪★૭ હાઉસકીપિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે.આ પાર્કિંગના તમામ સ્થળોએ ફ્લડ લાઈટ, સેનિટેશન, સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, રાઉન્ડ ધી ક્લોક પોલીસ બંદોબસ્ત રહેશે. આ માટે જિલ્લા કક્ષાએ પાર્કિંગ સમિતિની રચના કરવામાં આવી છે. આ પાર્કિંગથી મુખ્ય બે પોઈન્ટ ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી શ્રદ્ધાળુઓ ભવનાથ તરફ પ્રસ્થાન કરશે. પાર્કિંગ સ્થળોએથી ખાસ કરીને દિવ્યાંગોને મેળામાં લઈ જવા માટે ૨૫ જેટલી રીક્ષાઓથી નિઃશુલ્ક પરિવહનની સુવિધા પુરી પાડવાનું આયોજન કર્યું છે.

સ્થાનિક તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને સુરક્ષા માટે બેરીકેટીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મહાશિવરાત્રીની રાત્રે યોજાનારી સાધુ-સંતોની શાહી રવેડી અને મૃગીકુંડમાં શાહી સ્નાન મેળાનું મુખ્ય આકર્ષણ રહેશે. આમ 'અતિથિ દેવો ભવ:'ની ભાવના સાથે રાજ્ય સરકાર મહાશિવરાત્રી મેળાને ભક્તિ, શક્તિ અને સુવિધાનો ત્રિવેણી સંગમ બનાવી શ્રદ્ધાળુઓને આવકારવા સંપૂર્ણ સજ્જ છે.

### લોકસભામાં સરકારને ઘેરી ધારદાર સવાલો કર્યા

# લોકસભામાં અખિલેશ યાદવે ભારત અમેરિકા ટ્રેડ ડીલ પર ઉઠાવ્યા સવાલ

### સરકાર વારંવાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરી રહી છે આ ડીલ બાદ ખેડૂતોનું શું થશે?

નવી દિલ્હી,તા.૧૦

લોકસભામાં હાલ ભારે હંગામો ચાલી રહ્યો છે. એક તરફ કોંગ્રેસે સ્પીકર ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ જાહેર કરી છે.

બીજી તરફ સત્તાપક્ષ તરફથી સંસદીય કાર્યમંત્રી કીરેન રિજુજુએ ફ્લોર લીડર્સ સાથે બેઠક કરી છે. સંસદ શરૂ થતાં જ આઠ કોંગ્રેસના સાંસદોના સસ્પેન્સન મુદ્દે વિપક્ષે ભારે હોબાળો કર્યો હતો. તેવામાં બપોરે ૧૨ વાગ્યા સુધી તે બાદ ૨ વાગ્યા સુધી સદનની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. બાદમાં સપા સાંસદ અને પ્રમુખ અખિલેશ યાદવે બજેટ અને અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અંગે લોકસભામાં સરકારને ઘેરી ધારદાર સવાલો કર્યા હતા. અખિલેશ યાદવે અમેરિકા સામેની ટ્રેડમાં ઢીલ હોવાનો દાવો કરી કહ્યું હતું કે, 'ભાજપ કહી રહ્યું છે કે દુનિયામાં ઘણા દશો સાથે ફ્રી ટ્રેડ ડીલ કરી લેવામાં આવી છે. હું સરકાર પાસે જાણવા માગું છું કે કેટલા દેશ બચ્યા છે જેની સાથે હજુ ફ્રી ટ્રેડ ડીલ બાકી છે. ઘણા લોકો રૂપિયાને લઈને ઉંમર પર સવાલ ઉઠાવી રહ્યા છે તો આ ડીલ બાદ રૂપિયો ક્યાં જશે. જો ડીલ કરવી જ હતી તો પહેલા કેમ ન કરી ૧૧ મહિનાની રાહ કેમ જોઈ, આ ડીલ નહીં સરકારે ઢીલ કરી છે. દેશ જાણવા ઈચ્છે છે કે ૧૮ વધારે છે કે ઝીરો વધારે છે. બજેટ પહેલા બન્યું કે ડીલ?'

આ ઉપરાંત અખિલેશ યાદવે બજેટ પર પણ સવાલો ઊભા કરતાં જણાવ્યું કે, 'બજેટમાં ગરીબ અને પછાત વર્ગ માટે કાઈ છે જ નહીં. આપણે આટલા બજેટ લાવીએ છીએ પણ મફતમાં અનાજ લેતા લોકોની આવક વધારી શકતા નથી. અટલ બિહારી વાજપેયીના નામથી કોઈ એક્સપ્રેસ વે બની રહ્યો હતો, જનતાની સાથે જ તેનું નામ બદલી કાઢવામાં આવ્યું, પહેલા ચંબલ બાદમાં અટલજીના નામ પર..લાગી રહ્યું છે કે બધુ કાગળ પર થઈ રહ્યું છે.'

'સરકાર વારંવાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરી રહી છે. આ ડીલ બાદ ખેડૂતોનું શું થશે? જ્યારે બધુ વિદેશથી આવવા લાગશે તો ખેડૂતો શું ઉગાડશે અને શું વેચશે? સરકાર એગ્રી ઈન્ફ્રા, મંડી તૈયાર કરવાની માત્ર વાતો કરી રહી છે. ખેડૂતોને હજુ સુધી MSP ની કાયદાકીય ગેરંટી આપી શકી નથી. સરકાર હર્ટીકલ્ચર ક્રોપ અને દૂધ ઉત્પાદનના આંકડા ગણાવે છે:MSP ની ગેરંટી ક્યારે આપશે. જો ખેડૂતોને કોઈ લાભ નહીં મળે તો તે કેવી રીતે ઘર ચલાવશે. બાળકોને કેવી રીતે ભણાવશે? આજે સોનાના ભાવ ક્યાંથી ક્યાં પહોંચી ગયા છે, પહેલા ગરીબ વિચારતો હતો કે દીકરીની વિદાયમાં સોનાનું કાઈક આપીશું આ સરકાર ચાલતી રહી તો ચાંદી તો દૂર લોખંડ કે પીતળનું વરખ ચઢાવીને પણ દીકરીને વિદાયમાં નહીં આપી શકે.'

# લીલીયાનાં ગોઢાવદર ખાતે ગ્રામ વિકાસ અને વિદ્યાર્થી ઘડતરની દિશામાં NSS વાર્ષિક-ખાસ શિબિર યોજાઈ







ગવર્મેન્ટ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, લીલીયા ધ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) અંતર્ગત તા. ૩/૨/૨૦૨૬ થી તા. ૯/૨/૨૦૨૬ દરમિયાન સાત દિવસીય એનએસએસ વાર્ષિક વિશેષ શિબિરનું આયોજન ગોઢાવદર ગામ ખાતે કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સેવા ભાવના, સામાજિક જવાબદારી, શિસ્ત, સંસ્કાર તથા રાષ્ટ્રનિર્માણના મૂલ્યો વિકસાવવાનો રહ્યો. શિબિરનું ઉદઘાટન તા. ૩/૨/૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે વિજયભાઈ ગજેરા, પૂર્વસરપંચ-ગોધાવદર અને ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ, આચાર્ય-ગવર્મેન્ટ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, લીલીયા ઉપસ્થિત રહ્યા હતા. ડો. રાજેન્દ્રસિંહ રાઠોડે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, એનએસએસ વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકની બહાર જઈ સમાજને નજીકથી સમજવાની તક આપે છે. સેવા ધ્વારા વ્યક્તિત્વ વિકાસ શકય બને છે. તેમણે વિદ્યાર્થીઓને સમાજહિત માટે સક્રિય રીતે જોડાવા પ્રેરણા આપી. શિબિર દરમ્યાન એનએસએસ સ્વયંસેવકો ધ્વારા વિવિધ લોકહિતકારી અને જાગૃતિસભર પ્રવૃત્તિઓ યોજવામાં આવી. જેમાં ગ્રામ સફાઈ અભિયાન, શ્રમદાન, સ્વચ્છતા જાગૃતિ, વ્યસનમુક્તિ અભિયાન, આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ,યોગ અને શારીરિક તંદુરસ્તી સત્ર,પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ, માર્ગ સુરક્ષા સલામતી તથા વિવિધ વ્યાખ્યાન સત્રોનો સમાવેશ થાય છે. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રભાત ફેરી યોજીને શાંતિ અને જાગૃતિનો સંદેશ ફેલાવ્યો તેમજ ગ્રામજનો સાથે સીધો સંપર્ક સાધી તેમની સમસ્યાઓને સમજવાનો અને સામૂહિક રીતે ઉકેલ માટે વિચારવિમર્શ કર્યો. વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ ધ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, ટીમ વર્ક, શિસ્ત, સમયપાલન અને સમાજપ્રતિ સંવેદનશીલતા વિકસતી જોવા મળી. આ પ્રવૃત્તિઓ ધ્વારા ગ્રામજનોમાં સ્વચ્છતા, આરોગ્ય અને સામાજિક જવાબદારી અંગે સકારાત્મક સંદેશ પહોંચાડવામાં આવ્યો. ઉપરાંત તા. ૯/૨/૨૦૨૬ના રોજ ગોઢાવદર પ્રાથમિક શાળા ખાતે આ સાત દિવસીય ખાસ શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ અતિથિ તરીકે વર્ષાબેન જોષી, આચાર્ય-ગોઢાવદર પ્રાથમિક શાળા, વિજયભાઈગજેરા, પૂર્વસરપંચ , લાલજીભાઈ ભુવા, દાતા ગોઢાવદર પ્રાથમિક શાળા તથા સુરેશભાઈ ગજેરા, દાતા-ગોઢાવદર પ્રાથમિક શાળા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. વિરાજબેન રાઠોડએ વિદ્યાર્થીઓને સંબોધન આપતા જણાવ્યું હતું કે એનએસએસ કેમ્પ માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ સેવા, સંસ્કાર અને સામાજિક જવાબદારીની જીવંત પાઠશાળા છે. National Service Schemeની શરૂઆત ભારત સરકાર ધ્વારા ૧૯૬૯માં મહાત્મા ગાંધીજીના જન્મશતાબ્દી વર્ષ દરમિયાન કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને સમાજ સાથે જોડીને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવાનો છે. તેમણે મહાત્મા ગાંધીજીના વિચારોને યાદ કરતાં જણાવ્યું હતું કે ગાંધીજી સ્વચ્છતા, સ્વાવલંબન, ગ્રામ વિકાસ અને માનવીય મૂલ્યો પર વિશેષ ભાર મૂકતા હતા. એનએસએસનું સૂત્ર "Not Me But You" નિસ્વાર્થ સેવા અને ત્યાગની ભાવનાનું પ્રતીક છે, જે વિદ્યાર્થીઓને સમાજના હિત માટે કાર્ય કરવા પ્રેરિત કરે છે. સમાપન સમારોહમાં શિબિર દરમ્યાન કરવામાં આવેલી તમામ પ્રવૃત્તિઓનું સમીક્ષાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું. સમાપન પ્રસંગે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું તથા શ્રેષ્ઠ કામગીરી કરનાર એનએસએસ સ્વયંસેવકોને પ્રોત્સાહિતકરવામાં આવ્યા. મહેમાનો ધ્વારા એનએસએસ સ્વયંસેવકોની કામગીરીની પ્રશંસા કરવામાં આવી. આ સમગ્ર શિબિરનું સફળ આયોજન લીલીયા સરકારી કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહના માર્ગદર્શન હેઠળ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. વિરાજબેન રાઠોડ ધ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રાચાર્ય, અધ્યાપકમિત્રો, સ્ટાફ સભ્યો, ગ્રામ પંચાયત તથા ગ્રામજનોનો સરાહનીય સહકાર પ્રાપ્ત થયો. આભાર વિધિઓ ગોઢાવદર પ્રાથમિક શાળાના આચાર્ય વર્ષાબેન જોશી ધ્વારા કરવામાં આવી હતી. આ રીતે એનએસએસ વાર્ષિક વિશેષ શિબિર વિદ્યાર્થીઓ માટે જીવનમૂલ્ય, સેવાભાવ અને સામાજિક જવાબદારી શીખવાનો એક યાદગાર તથા પ્રેરણાદાયક અનુભવ સાબિત થયો.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી પાલિકામાં ભાજપનું

વિવાદમાં વધારે વ્યસ્ત રહ્યાં હતા. જેના કારણે શહેરનો વિકાસ રૂંધાયો હતો.

અમરેલી પાલિકામાં અગાઉ પાંચ વર્ષ પહેલાની ટર્મમાં કોંગ્રેસનું શાસન હતું પણ ભાજપના પ્રમુખ અને કોંગ્રેસના ઉપપ્રમુખ બન્યા હતા અને બંધ બારણે સભાઓ કરવી પડી હતી. પાલિકામાં જનલક્ષી વિકાસના કામો લોકોએ ચૂંટીને મોકલ્યા તેવા સદસ્યો દ્વારા કરવામાં આવતા ના હતા. જેનાથી કંટાળી જઈને ત્યારપછીનાં વોર્ડમાં લોકોએ અમરેલી પાલિકામાં ભાજપને સ્પષ્ટ રીતે બહુમતિ આપીને તેના હાથમાં શાસન સોંપ્યુ હતું અને શરૂઆતથી જ ચૂંટાયેલા નગરસેવકો માત્ર કઠપૂતળી હોય તેમ તેમની ભૂમિકા રહી છે. નેતાઓ કહે ત્યાં સહી કરવા અને કોઈપણ પ્રકારની ચર્ચા વગર જ સાધારણ સભા પૂરી થઈ જતી હતી. સામાન્ય સભામાં ઠરાવો પાસ કરવા પુરતી જ મર્યાદિત રહી હતી.

અમરેલી પાલિકામાં પાંચ વર્ષ દરમિયાન આંતરીક વિખવાદોના કારણે સામાન્ય સભાઓ પણ બંધ બારણે યોજવી પડી હતી. જયારે ભાજપમાંથી જ ચૂંટાયેલા સભ્યોએ ભાજપના જ પાલિકા પ્રમુખ સામે અવિસની દરખાસ્ત મૂકી હતી અને મામલો છેક ગાંધીનગર સુધી પહોચ્યો હતો. અગાઉના જે કરવેરાઓ હતા તેમાં તોતિંગ વધારો કરવામાં આવ્યો હતો છતાં વિપક્ષે વિરોધ પણ કર્યો ના હતો.


સંકુલ ધો. ૧૧–૧૨
આર્ટસ કોમર્સ સાયંસ
EM GM મિડીયમ
બાયો. – મેથ્સ ગૃપ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્વ. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી. - Ad 193


પાના ૧ ઉપરનું ચાલું
## લીલીયા મોટાની નાવલી બજારમાં

માસથી આડેધડ રોડ રસ્તા ખોદી નાખ્યા છે કાદવ કીચડના થર જામ્યા હોવાથી લારી, ગલ્લા અને પાથરણા પાથરી શાકભાજી ફ્રુટ અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુનો વેપાર કરતા વેપારીઓની દુકાને ગ્રાહકો ડાકાતા નથી તેની આર્થિક અસર વેપારીઓને પડી રહી છે સ્થાનિક શાકભાજી વેપારી મહેમુદખાન પઠાણએ જણાવ્યું હતું કે ભૂગર્ભ ગટર કામગીરીના કારણે આડેધડ રોડ રસ્તા ખોદી નાખ્યા છે જેથી નાના વેપારીને આર્થિક સંકટ વેઠવાનો વારો આવ્યો છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## નાસતા–ફરતા આરોપીની અટકાયત

જેની કિંમત રૂા. ૧૦૦૦ તથા એક નાનો વજન કાંટો કિંમત રૂા. ૫૦૦ સાથે આરોપી ભીખાભાઈ ભુરાભાઈ ચારણ રહે. પાલસનેર તા. સીરપુર જિ. ધુલે મહારાષ્ટ્રએ સુકા પોષડોડાનો જથ્થો આપી જઈ આંતરરાજય નિકાસ કરી મુખ્ય આરોપી સુકા ડોડાના ખાલી ખોખા સાથે પકડાઈ ગયેલ અને ઉપરોકત ગુન્હાના કામે મજકુર આરોપી ડ્રાઈવીંગ કરી જુદી જુદી જગ્યાએ માલ પહોંચાડવાનું કામ કરતો હોય ગુન્હો કરી આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો. જે કામે કોર્ટ લાઠી દ્વારા બી.એન.એસ.એસ. ક.૭૨ મુજબનું વોરંટ ઈશ્યુ કરેલ. જે અંતર્ગત ગોપાલભાઈ નનુભાઈ સાટીયા (ભરવાડ)ની અટકાયત કરેલ છે. આ કામગીરી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના અન્વયે તથા એ.ડી. ચાવડા પો.ઈન્સ. એલ.સી.બી. અમરેલી માર્ગદર્શન હેઠળ એન.જી. સાપરા, પો.સબ ઈન્સ. પેરોલ ફર્લો સ્કવોર્ડ, એ.એસ.આઈ. એ.એમ. સોલંકી તથા હેડ કોન્સ. સતારશા શેખએ રીતેના જોડાયેલ હતા.

## અવસાન નોંધ

**વીજપડી :** રાજેશભાઈ (કાનો) (ઉ.વ. ૪૫) તે હસુભાઈ નગદીયાના પુત્ર, લાલાભાઈ, હરેશભાઈનાં ભાઈ અને નટુભાઈનાં ભત્રીજાનું તા. ૯/૨/૨૬ને સોમવારે અવસાન થયેલ છે.

તેઓનું બેસણુ ૧૬ ફેબ્રુઆરી સોમવારે બપોરે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી–વીજડી ખાતે રાખેલ છે.

# ‘ગલવાન’ ૧૭ એપ્રિલે રિલીઝ થશે ‘ભૂત બંગલા’ની રિલીઝ ડેટ જાહેર કરતા પહેલાં અક્ષયે સલમાન સાથે વાત કરી

મુંબઈ, તા.૧૦

અક્ષય કુમાર અને પ્રિયદર્શની લાંબા સમય પછી આવનારી ફિલ્મની રિલીઝ ડેટ ફરી એક વખત બદલાઈ છે અને હવે આ ફિલ્મ ૧૦ એપ્રિલે રિલીઝ થઈ રહી છે. પરંતુ તેના કારણે સલમાન ખાનની ફિલ્મ‘બેટલ ઓફ ગલવાન’ને ૧૭ એપ્રિલ, ૨૦૨૬ની રિલીઝ તારીખ પરથી આગળ ધકેલવામાં આવી રહી છે. જેના કારણે એવી અટકળો શરૂ થઈ હતી કે ‘બેટલ ઓફ ગલવાન’ની ‘ભૂત બંગલા’ સાથે કલેશ ટાળવા માટે મુલતવી રાખવામાં આવી છે. જોકે આ અંગે હવે કોઈ અલગ પ્રકારના અહેવાલો ફરતા થયા છે. આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રિલીઝ ડેટમાં ફેરફાર થવાના પહેલાં અક્ષય કુમાર અને સલમાન ખાન વચ્ચે વાતચીત થઈ હતી. એક સૂત્રએ જણાવ્યું,‘‘અક્ષય અને સલમાન સારા મિત્રો છે અને પોતાના નિર્ણયોને લઈને એકબીજા સાથે સંપૂર્ણ પારદર્શિતાથી ચર્ચા કરે છે. તેમની વચ્ચેનો સંબંધ આજકાલના નવા યુગના કલાકારો જેવો નથી, જ્યાં ઘણી બાબતો છુપાવી રાખવામાં આવે છે. અક્ષયે સલમાનને પૂછ્યું હતું કે ‘ગલવાન’ ૧૭ એપ્રિલે રિલીઝ થવાની છે કે નહીં અને સલમાને જણાવ્યું કે રક્ષા મંત્રાલય તરફથી કેટલીક મંજૂરીઓ બાકી હોવાને કારણે તેની ફિલ્મની સ્થિતિ હમણા મુશ્કેલ છે.’’ આ બાદ અક્ષયે સલમાનને પોતાની ફિલ્મ ‘ભૂત બંગલા’ને ૧૦ એપ્રિલે રિલીઝ કરવાનાં આયોજન વિશે પણ જાણ કરી હતી. સૂત્રે વધુમાં કહ્યું, ‘‘આ વાતચીત ખૂબ જ સ્વસ્થ અને સકારાત્મક હતી. બંને વચ્ચે કોઈપણ પ્રકારની સ્પર્ધા નથી. બંને એકબીજાનું ખૂબ માન રાખે છે અને પોત-પોતાની ફિલ્મોની સફળતા માટે એકબીજાને પ્રોત્સાહન આપે છે.’’હવેમાં ‘ભૂત બંગલા’ ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ થિએટર્સમાં રિલીઝ થવાની છે, જ્યારે ‘બેટલ ઓફ ગલવાન’ને હવે સંભાવિત રીતે સ્વાતંત્ર્ય દિવસ ૨૦૨૬ના વીકએન્ડ સુધી મુલતવી રાખવામાં આવી શકે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## વડિયા વિસ્તારમાં સિંહોનો વસવાટ

વાઈલ્ડ લાઈફ કચેરી નીચે આવે છે ત્યારે લીલીયા અહીંથી ૮૦ કિ.મી. આસપાસ દૂર થાય છે. ત્યારે સ્થાનિક લેવલે તમામ જાળવણી કરી શકાય અને વન્ય પ્રાણીઓનું રક્ષણ અને જાળવણી કરી શકાય તેવા હેતુથી વડિયા ખાતે વાઈલ્ડ લાઈફ કચેરી સ્થાપવી અનિવાર્ય બનતી જોવા મળી રહી છે.

**શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી**

## :: જાહેર નિવિદા ::

આથી શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને નવા માર્કેટયાર્ડમાં પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત ડિસ્ટ્રીકટ મીનરલ ફાઉન્ડેશન, અમરેલી દ્વારા ફાળવેલ ગ્રાન્ટ તેમજ સંસ્થાના સ્વ–ભંડોળ અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામનું નામ :** કન્સ્ટ્રકશન વર્ક ઓફ વેરીયસ ઈન્ફ્રાસ્ટ્રકચર વર્ક એટ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમીટી, અમરેલી

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂા.૫૦૫૨.૪૫ લાખ<br>ઈ.એમ.ડી. : રૂા.૫૦.૫૩ લાખ | ટેન્ડર ફી : રૂા. ૧૮,૦૦૦–૦૦ કામની<br>સમય મર્યાદા : ૧૮ – માસ |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય ફીઝીકલ સમબીશનની તારીખ | તા. ૨૫/૦૨/૨૦૨૬,<br>સમય ૧૮:૦૦ કલાક સુધી<br>તા.૨૮/૦૨/૨૦૨૬,૧૫:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા. ૨૮/૦૨/૨૦૨૬, ૧૭:૦૦ કલાકે |
| વેબસાઈટનું નામ | www.nprocure.com |

ઉપરોકત કામો અંગે વિગતવાર માહિતિ ટેન્ડરમાં આપવામાં આવેલ છે તેમજ વધારે માહિતિ માટે ઓફીસ સમય દરમ્યાન શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી, મુખ્ય યાર્ડ, અમરેલીની કચેરી ખાતે સંપર્ક કરવો.
ફોન : (૦૨૭૯૨) ૨૨૨૧૨૨, ૨૨૩૨૧૩

**નોંધ :** આવેલ ટેન્ડર ભાવ મંજુર/નામંજુર કરવા, ટેન્ડર રદ કરવા વગેરે તમામ અધિકાર સંસ્થાને અબાધિત રહેશે.

**(તુષાર એચ. હપાણી)** સેક્રેટરી
**(ચંદુભાઈ બી. પોલરા)** વાઈસ ચેરમેન
**(ભાવિનભાઈ જે. સોજીત્રા)** ચેરમેન

શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૧૦ | ૧૪૬૫ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ૪ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૨૦૫ | ૨૩૬૫ |
| ૮ | તલ કાળા | ૧૮૦૦ | ૪૨૮૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૧૧૯૦ | ૨૧૦૦ |
| ૧૦ | બાજરો | ૩૨૦ | ૩૨૦ |
| ૧૧ | જુવાર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૯૫ |
| ૧૩ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૫ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૪૨૫ |
| ૧૫ | ચણા | ૯૦૦ | ૧૦૪૫ |
| ૧૬ | સફેદ ચણા | ૬૨૦ | ૧૦૧૦ |
| ૧૭ | તુવેર | ૭૩૦ | ૧૫૯૦ |
| ૧૮ | કપાસ | ૧૦૯૦ | ૧૬૦૫ |
| ૧૯ | એરંડા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| ૨૦ | જીરૂ | ૩૮૧૦ | ૪૨૦૦ |
| ૨૧ | ધાણા | ૧૬૦૦ | ૨૦૨૫ |
| ૨૨ | ધાણી | ૧૫૨૦ | ૨૧૮૫ |
| ૨૩ | સોયાબીન | ૯૭૫ | ૧૦૩૫ |
| ૨૪ | મરચા લાંબા | ૨૪૯૦ | ૫૫૦૦ |
| ૨૫ | કાંગ | ૫૭૦ | ૫૭૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૩ | ૧૪૮૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૩ | તલ સફેદ | – | ૨૨૦૦ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૩૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૬૭૫ |
| ૮ | મગ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૯ | અડદ | ૯૦૦ | ૧૪૮૦ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૫૮૭ |
| ૧૨ | એરંડી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૪ | ધાણા | ૧૫૦૦ | ૨૩૦૧ |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૧૦૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૧ | ૧૫૮૧ |
| ૨ | મગફળી | ૧૨૭૦ | ૧૩૦૦ |
| ૩ | સોયાબીન | ૧૦૧૩ | ૧૦૨૧ |
| ૪ | તુવેર | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૫ | એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૬ |
| ૪ | ચણા | ૭૧૫ | ૯૯૬ |
| ૫ | ધાણા | ૧૫૩૦ | ૧૭૫૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૨૦ | ૧૯૪૦ |
| ૭ | સોયાબીન | ૭૫૦ | ૯૨૦ |
| ૮ | મગફળી | ૮૨૫ | ૧૨૩૫ |
| ૯ | તુવેર | ૧૦૦૫ | ૧૩૨૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૪૮૦ |
| ૧૧ | જુવાર | ૭૮૦ | ૮૫૦ |
| ૧૨ | લસણ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૩ | મેથી | ૭૦૦ | ૭૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૧૦ | ૧૩૧૩ |
| ૨ | તુવેર સફેદ | ૧૦૬૦ | ૧૫૫૦ |
| ૩ | તુવેર લાલ | ૧૧૦૫ | ૧૪૦૫ |
| ૪ | ધાણા | ૧૪૭૫ | ૧૭૧૭ |
| ૫ | મગ | ૧૫૪૦ | ૧૫૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૧૧૪૦ | ૧૪૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૧૭૯૦ |
| ૫ | ધાણા | ૯૯૦ | ૧૬૦૦ |
| ૬ | જીરૂ | ૩૧૧૦ | ૪૧૦૦ |
| ૭ | ચણા | ૯૪૦ | ૧૦૭૫ |
| ૮ | તુવેર | ૯૩૦ | ૧૪૫૦ |

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **(૧) હિનાબેન રમણીકભાઈ વસાણી, (૨) સુજનબેન રમણીકભાઈ વસાણી, (૩) ઉર્વીબેન રમણીકભાઈ વસાણી, (૪) યશકુમાર રમણીકભાઈ વસાણી** રે. **કુંકાવાવ નાની**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે આવેલી રે.સ.નં. **૪૩૧/૩** પૈકી ૨ વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૧ હેકટર ૬૧ આરે ૮૮ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે રે.સ.નં. **૪૩૧/૩ પૈકી ૨**વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **(૧) રાધાબેન ચતુરભાઈ સોરઠીયા તે ગુજ.ના પત્ની, (૨) નીતાબેન ચતુરભાઈ સોરઠીયા, (૩) દિપ્તીબેન ચતુરભાઈ સોરઠીયા, (૪) દર્શનભાઈ ચતુરભાઈ સોરઠીયા** રે. **કોલડા**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કોલડા** ગામે આવેલી રે.સ.નં. **૧૨૩** પૈકી ૧ વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૧ હેકટર ૦૧ આરે ૧૭ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **કોલડા** ગામે રે.સ.નં. **૧૨૩ પૈકી ૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **(૧) રાજેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ વાળા, (૨) કૈલાસબેન મહેન્દ્રભાઈ વાળા, (૩) મીલનબેન મહેન્દ્રભાઈ વાળા, (૪) મહાવીર મહેન્દ્રભાઈ વાળા, (૫) આદીત્યભાઈ મહેન્દ્રભાઈ વાળા** રે. **ભાયાવદર**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **ભાયાવદર** ગામે આવેલી રે.સ.નં. **૧૦૨** પૈકી ૭ વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૦ હેકટર ૮૦ આરે ૯૪ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **ભાયાવદર**ગામે રે.સ.નં. **૧૦૨ પૈકી ૭** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **ગોકળભાઈ અરજણભાઈ સખીયા** રે. **ભાયાવદર**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **ભાયાવદર** ગામે આવેલી રે.સ.નં. **૧૫૪** પૈકી ૩ વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૨ હેકટર ૯૧ આરે ૩૮ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **ભાયાવદર** ગામે રે.સ.નં. **૧૫૪ પૈકી ૩** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **નંદલાલ ભોળાભાઈ સોરઠીયા** રે. **કોલડા**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કોલડા** ગામે આવેલી રે.સ.નં. **૧૫૮**/૨ પૈકી ૧ વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૧ હેકટર ૬૧ આરે ૮૮ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **કોલડા** ગામે રે.સ.નં. **૧૫૮/૨ પૈકી ૧** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **ભગવાનભાઈ લાલજીભાઈ વોરા** રે. **કુંકાવાવ નાની**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે આવેલી રે.સ.નં. **૪૧૭** પૈકી ૨ વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૩ હેકટર ૫૦ આરે ૦૫ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે રે.સ.નં. **૪૧૭ પૈકી ૨** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **ચિન્ટુભાઈ વલ્લભભાઈ ઢોલરીયા** રે. **કુંકાવાવ નાની**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામે આવેલી રે.સ.નં. **૪૫૭** પૈકી ૫/ પૈકી ૨વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૦ હેકટર ૭૫ આરે ૮૮ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **કુંકાવાવ** ગામે રે.સ.નં. **૪૫૭ પૈકી ૫/ પૈકી ૨** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા , જિ. અમરેલીના તે અમારા અસીલ **ગોકળભાઈ અરજણભાઈ સખીયા** રે. **ભાયાવદર**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **ભાયાવદર** ગામે આવેલી રે.સ.નં. **૦૯** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૩ હેકટર ૪૦ આરે ૯૫ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈમ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **ભાયાવદર** ગામે રે.સ.નં. **૦૯** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધ – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૧/૦૨/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## પ્રદેશ કોંગ્રેસની જન આક્રોશયાત્રા ભરૂચ સહિતના વિસ્તારોમાં ફરી વળી

# ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારનો આક્ષેપ

**SIR ની ફોર્મ-૭ ની ગેરરીતિમાં ભાજપ અને ચુંટણી પંચની મિલીભગત ખુલી પડી ગઈ : અમિત ચાવડા**

**ભાજપના નેતાઓ અને ભાગીદારો પાણીના ભાવે જમીનો ખરીદી સરકારી પ્રોજેક્ટમાં ઉંચા ભાવે જમીન સંપાદન કરાવે છે**

**ડબલ એન્જિનની સરકારે ખેડૂતો સાથે સહાય પેકેજનો નામે મશ્કરી કરી : તુષાર ચૌધરી**

**નર્મદા ડેમ આસપાસના ગામની જનતાને પીવા અને સિંચાઈ માટે પાણીની સુવિધા નથી**



અમરેલી, તા.૧૦

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ઉજા ફેજના નવમાં દિવસે દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે સવારે ૯ વાગે અંકલેશ્વરથી પ્રસ્થાન કરીને પરિમન, ભરૂચ સિટી, પંચ ભટ્ટી સર્કલ,મહંમદપુરા સર્કલ, બાયપાસ, કંઠારીયા,દેરોલ, દયાદરા,ત્રાલસા, કોઠી, હિંગળા, નબીપૂર, મુલદ, ઝઘડિયા, રાજપારડી, ઉમલ્લા, તવડી, પ્રતાપનગર, કાકડવા, ખોજલવાસા, ડુમચાગમ, અમલેઠા, તારોપા, ઢોલર, વીરપોર, રાણીપુરા, ભાગરવાડી, રાજપીપળા પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં નવમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉત્સાહભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન બાઈક રેલી તથા સ્થાનિક લોકો સાથે સંવાદ કરી વ્યથા અને વેદના સાંભળી હતી.ભરૂચ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજજો ન આપવાનો સરકારનો નિર્ણય ભરૂચ પ્રત્યેનો અન્યાય અને ભેદભાવ દર્શાવે છે. વસ્તી,ઔદ્યોગિક વિકાસ, આવક અને શહેરી સુવિધાઓ જેવા તમામ માપદંડો પૂર્ણ કરવા છતાં ભરૂચ નગરપાલિકા સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે કરોડો રૂપિયાનું ભ્રષ્ટાચાર ખુલ્લે આમ ચાલી રહ્યું છે. ગરીબોને ઘર આપવાની યોજનાને ભાજપના નેતાઓએ ભ્રષ્ટાચારનું સાધન બનાવી દિધું છે. સાચા લાભાર્થીઓ ભટકી રહ્યા છે, જયારે રાજકીય ઓળખ અને લાંચના આધારે અયોગ્ય લોકોને લાભ અપાઈ રહ્યો છે. સરકારની બેદરકારી અને તંત્રની મિલીભગતના કારણે ગરીબોના સપનાઓ પર પાણી ફરી વળ્યું છે. નર્મદા ડેમ માટે પોતાની જમીનો આપનાર આસપાસના ગામોના લોકો આજે પણ પીવાના પાણી અને સિંચાઈ જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત છે. ખેડુતોના ખેતરમાં નર્મદા નદીના પાણી આવી જતા પાકા ખરાબ થઈ જાય છે. જયારે નદી કાંઠેના ગામડામાં પાણી ભરાઈ જતા જન જીવન ખોરવાઈ જાય છે. આ ઉપરાંત ઉનાળાના સમયમાં પીવાના પાણીની સમસ્યા સર્જાય છે. ભાજપ સરકારે ડેમની આજુ બાજુ રહેતા લોકો માટે આપેલા વચન હજી સુધી પૂરા કર્યા નથી.**SIR** ની ફોર્મ-૭ની ગેરરીતીમાં ભાજપ અને ચૂંટણી પંચની મીલી ભાગીદારી ખુલ્લે આમ સામે આવી છે. સરકાર અને તંત્રની આ મનમાની લોકોને મતદાનના હકથી વંચિત કરવાનો પ્રયત્ન છે. બાબાસાહેબે લોકોને આપેલા મત અધિકારને ભાજપની ડબલ એન્જિનની સરકાર છીનવી રહી છે. ભરૂચ, અંકલેશ્વર અને રાજયની અન્ય નગરપાલિકાઓમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. નગરપાલિકામાં કોઈપણ કામ માટે ૩૦% કમિશન લેવામાં આવે છે. આ કમિશનના કારણે કામ ગુણવતાયુક્ત બનતા નથી. ભ્રષ્ટાચારના કારણે શહેરના વિકાસ અને નાગરિકોના હિત માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. અનેક વિકાસ પ્રોજેકટ અને શહેરી સુવિધાઓમાં કમિશન, વ્યવહારો, ફાળવણીમાં ગેરરીતી થાય છે. ભાજપના નેતાઓઅને તેમના ભાગીદારો જાગૃત નાગરિકોની જમીનો સસ્તા ભાવે ખરીદે છે, એજ જમીનો ખોટી રીતે નેશનલ એગ્રિમેન્ટ (**NA**) કરાવી દેવામાં આવે છે, અને ત્યારબાદ સરકારી પ્રોજેકટમાં ઉંચા ભાવે જમીન સંપાદન કરાવવાનું કરોડોનું કૌભાંડ ચાલી રહ્યું છે. સામાન્ય નાગરિકોના હિત અને રાજયના વિકાસને આ કૃત્ય નુકસાન પહોંચાડનાર છે. આવું ષડયંત્ર કરનાર લોકો સામે તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ.ભરૂચ શહેરમાં અમિત ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા કહ્યું હતું કે, ભરૂચ નગરપાલિકા સાથે ભારતીય જનતા પાર્ટીની સરકાર ભેદભાવ કરી રહી છે. ગુજરાતનું ઈન્ડસ્ટ્રીયલ એરિયાનું હબ હોવા છતા ભરૂચ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજજો નથી આપતી. ગરીબોના ઘરો પર બુલડોઝર ફેરવાય છે, પણ ભાજપના નેતાઓના દબાણ પર કાકરી પણ હલતી નથી. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. રોડ બન્યાના ત્રીજા દિવસમાં રોડના પોપડા ઉખડવાના ચાલુ થઈ ગયા હતા. ભાજપનો ભ્રષ્ટાચાર છાપરે ચડીને પોકારી રહ્યો છે. ભ્રષ્ટાચાર, ગેરવ્યવહાર, તાનાશાહી, ભેદભાવનું શાસનની સામે ભરૂચ જીલ્લાની જનતા ભેગી થઈને આક્રોશ વ્યક્ત કરી રહી છે.વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, ડબલ એન્જીનની સરકારે ખેડુતો સાથે સહાય પેકેજના નામે ખુલ્લી મશ્કરી કરી રહી છે. કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ કે પાક નિષ્ફળ જવાની આફત આવે છે, ત્યારે સરકાર દ્વારા મોટા ઉપાડે કરોડો રૂપિયાના 'સહાય પેકેજ'ની જાહેરાતો તો કરવામાં આવે છે. હેકટર દીઠ જે વળતર નક્કી કરવામાં આવે છે, તે ખેતીના ખર્ચ જેમ કે બિયારણ અને ખાતરના વધતા ભાવોની સરખામણીએ સાવ નજીવું હોય છે. સહાય મેળવવા માટેના કડક નિયમો, સર્વેની ગોકળગાય ગતિ અને ઓનલાઈન પોર્ટલની આંટી ઘૂંટીમાં સામાન્ય ખેડૂત અટવાઈ જાય છે. ખેડૂતને ખરેખર જરૂર હોય ત્યારે વળતરના નામે સરકાર હાથ ઊંચા કરી દે છે. સરકાર ખેડૂતોના આંસુ લૂછવાને બદલે સહાયના નામે મશ્કરી કરી રહી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, બી.વી. નિવાસજી, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ વસાવા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીનભાઈ શેખ, કરશનદસ બાપુ ભાદરકા, મુમતાઝબેન પટેલ, ભરૂચ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્ર સિંહ રાણા, પૂર્વ જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રાણા, મનહરભાઈ પટેલ, શેરખાન પઠાણ સહિત મોટી સંખ્યામાં લોકો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## દરેક નાગરિકની સુરક્ષા માટે સતત કામગીરી

# અમરેલીના નાગનાથ મંદિર વિસ્તારમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા મહિલા હોમગાર્ડનું સન્માન

**તેઓની કામગીરી બદલ સૌએ શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા. ૧૦

અમરેલીનાં નાગનાથ મંદિર અને આજુ બાજુનાં વિસ્તારમાં નિષ્ઠાપુર્વક ફરજ બજાવનાર મહિલા ફોમગાર્ડ ધર્મિષ્ઠાબેનનું જિલ્લા હોમ ગાર્ડઝ કમાન્ડર રોહિત મહેતા, રાજન જાની, છાયાબેન ગેડિયા, યુવરાજસિંહ સહિત સૌ કોઈએ સન્માન કરી શુભકામના પાઠવી હતી.

---

# ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી શક્યતા

અમદાવાદ,તા.૧૦

ગુજરાત સહિત દેશભરમાં ફરી બેંક કર્મચારીઓ સહિત ટ્રેડ યુનિયનો આગામી ૧૨ ફેબ્રુઆરીએ હડતાળ પર જઈ રહ્યા છે. અલગ અલગ ટ્રેડ યુનિયનની હડતાળમાં ગુજરાતના ૨૫ હજાર બેંક કર્મચારીઓ જોડાશે. બેંકોની હડતાળના પગલે ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી શક્યતા છે. ૧૨મીએ હડતાળ પહેલા ૧૧ ફેબ્રુઆરીએ આશ્રમ રોડ પર બેંક એમ્પ્લોયી અને ટ્રેડ યુનિયનનો રેલી યોજી વિરોધ પ્રદર્શન કરશે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો - **INTUC, AITUC, HMS, CITU, AIUTUC, TUCC, SEWA, AICCTU, LPF, UTUC** એ ૧૨ ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર સરકાર દ્વારા હાલના ૨૯ શ્રમ કાયદાઓને બદલે ૪ નવા લેબર કોડ અંગેની તાજેતરની સૂચના અને શ્રમજીવી વર્ગ પર વધતા હુમલાઓના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું છે.યુનિયનોનું માનવું છે કે નવા લેબર કોડ હેઠળ, મહેનતથી મેળવેલા અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુનિયન શરૂ કરવું, યુનિયન ચલાવવું, યુનિયનને સ્થિર નેતૃત્વ પૂરું પાડવું, હડતાળનું આયોજન કરવું વગેરે મુશ્કેલ બનશે. તેવી જ રીતે યુવાનો માટે વધુ રોજગારી ઊભી કરવાને બદલે, ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ સ્કીમનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે યુવાનોના ભવિષ્યને જોખમમાં મૂકે છે. અત્યારે બેંક કર્મચારીઓ ૫ દિવસની બેંકિંગ માંગ કરી રહ્યા છે જ્યારે બેંક સંચાલકો કામના કલાકો વધારવા માટે પ્રસ્તાવ મૂકી રહ્યા છે.નવા લેબર કોડ આવવાથી યુનિયનો દ્વારા હડતાળ મુશ્કેલ બનશે, માલિકો નવા શ્રમ કાયદા મુજબ કર્મચારીઓને મન ફાવે તેમ છૂટા કરી શકશે. માલિકોને તાળાબંધી અને છટણી કરવાની સત્તા મળશે જેનાથી કામદારોનું વધુ શોષણ થશે. બેંકિંગ ઉદ્યોગમાં **IDBI** બેંક વેચવાના પ્રયાસો, આપણી ખાનગી બેંકોને રોકાણકારોને વેચવાના પ્રયાસો, રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ તમામ કારણોને લઈને ૧૦ ટ્રેડ યુનિયન ૧૨મીએ હડતાળ પર જઈ રહ્યું છે અને નવા લેબર કોડનો વિરોધ કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ૧૨મીની આ હડતાળમાં સ્ટેટ બેંક સિવાયની તમામ સરકારી બેંકો, ફેડરલ બેંક અને કર્ણાટકા બેંક હડતાળમાં જોડાશે. ગુજરાતના ૨૫ હજાર બેંક કર્મચારીઓ જોડાશે. બેંકોની હડતાળના પગલે ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાશે.

---

## અનેક ગેરરીતીઓ અંગે જાગૃત નાગરિકે ઉચ્ચકક્ષાએ રજુઆત કર્યા બાદ

# અંતે રાજુલાની કાન્હા વિશ્વ વિદ્યાલયનાં ધો. ૧ થી ૮નાં વર્ગો વર્ષ ૨૦૨૬-૨૭માં બંધ કરવા આદેશ થયો

**બિલાડીનાં ટોપની જેમ નિયમ વિરૂધ્ધ ધમધમતી અનેક શાળા સંચાલકોમાં ફફડાટ**

રાજુલા, તા. ૧૦

રાજુલાનાં જાગૃત નાગરિક જગદીશભાઈ ઝાંખરાની તા ૨/૬/૨૦૨૫ તથા ૯/૬/૨૦૨૫ની કરેલી ફરિયાદ અન્વયે કાન્હા વિ વિધાલય શાળા વિરૂધ્ધ અનિયમિનતા અને ખોટા દસ્તાવેજો બાબતે ફરિયાદ કરેલી હતી જે અન્વયે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી રાહુવરને તપાસ કરી સ્પષ્ટ અભિપ્રાય સહ અહેવાલ રજૂ કરવા જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા જણાવેલ હતુ તેમજ સ્થળ તપાસ રીપોર્ટ પણ કરવામાં આવેલ હતો જે તપાસ અહેવાલ મુજબ સંચાલક લી દ્વારા રૂબરૂ તપાસ સમયે દરમિયાન ભાડા કરાર જમીનના નકશા અને બાંધકામ માટેની રજા ચિઠ્ઠી ઓરીજનલ કાગળો પુરા પાડવામાં નોતા આવેલા તથા નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી રાજુલાનું બીયુપી સર્ટિફિકેટ શાળા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું જેણી તપાસ કરતા નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા એવું જણાવ્યું હતું કે આ બીયુપસર્ટિફિકેટ અમારી કચેરીના રેકોર્ડમાં ઉપલબ્ધ નથી તેવું જણાવ્યું હતું અને શાળામાં મંજૂરી વગર હોસ્ટેલ ચાલતી હોવાના અંગે સંકેતો મળેલ હતા તથા અન્ય અનિયમિતતા ઓ પ્રયાને આવેલ છે તેમજ તારીખ ૩૦/૭/૨૦૨૫ના પત્રથી શાળાના ટ્રસ્ટી આચાર્ય તથા તાલુકા પ્રાથમિક શિક્ષણની જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ હતી આ સુનાવણી દરમિયાન શાળાના ટ્રસ્ટી દ્વારા આધારો રજૂ કરવા અંગે મુદત આપવા નિવેદન રજૂ કરેલ હતું જેથી દિન ૧૦ દિવસમાં આધાર પુરાવાઓ રજૂ કરવા મુદત આપેલ હતી આ મુદત દરમિયાન પણ જરૂરી આધારો રજૂ થયેલ ન હોવાથી આર.ટી.આઈ. રૂલ્સ ૨૦૧૨ના નિયમ ૧૪ (ખ) મુજબની સમિતિની રચના કરવામાં આવેલ હતી સમિતિ દ્વારા તારીખ ૧૭/૯/૨૦૨૫ના રોજ શાળાની રૂબરૂ મુલાકાત લેતા શાળા દ્વારા કોઈ આધારો રજૂ કરેલ ન હોય તેમજ અનિયમિતતા જોવા મળેલ હોય તપાસ સમિતિ દ્વારા દિન ૭માં આધારો રજૂ કરવા અંગે તાકિદ કરેલ હતા અને સમય મર્યાદામાં આધારો રજૂ ન થાય તો માન્યતા રદ કરવા અંગેનો અભિપ્રાય આપેલ હતો ત્યારબાદ પણ આધારો પુરતા પ્રમાણમાં સમય મર્યાદા રજૂ કરેલ ન હોય જેથી પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી ગાંધીનગરને શાળાની માન્યતા પાછી ખેંચવા દરખાસ્ત કરવામાં આવી હતી જે –અનુસંધાને નિયામક છે દ્વારા અનિયમિતતા ઓ સબબ શિક્ષાત્મ કાર્યવાહી હાથ ધરવા સૂચના સંદર્ભે શાળાના વર્ગો બંધ કરીને માન્યતા રદ કરવા માટે દરખાસ્ત કરવામાં જણાવેલ હતું જે અનુસંધાને તમામ કાર્યવાહી ધ્યાને લઈને નિયમોનુસાર આર.ટી.આઈ. રૂલ્સ ૨૦૧૨ના નિયમ ૧૪ (૩) મુજબ કાન્હા વિ વિધાલયની નિયામક ગાંધીનગરની સુચના મુજબ માન્યતા રદ થવાની કાર્યવાહી આધીને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા ધોરણ એક થી આઠ તમામ વર્ગો બંધ કરવા કરવાનો હુકમ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સેવા સ્ત્રી દ્વારા તારીખ ૩/૨/૨૦૨૬ ના રોજ કરતા ખાનગી શાળાઓ ચલાવતા વર્તુળોમાં ખળભળાટ મચી ગયેલ છે અને કાન્હા વિ વિધાલય શાળા દ્વારા મંજૂરી સમયે કરવામાં આવેલા ખોટા દસ્તાવેજોબાબતેઆવનારા સમયમાં ટ્રસ્ટીઓ સંચાલકો અને ખોટા દુસ્તાવેજો બનાવવા મદદગારી કરનારો સામે ફોજદારી ગુન્હો દાખલ થવાની પુરી સંભાવના હોવાનું જાણવા મળેલ છે)

---

# લીલીયા મોટા : અમૃતબા વિદ્યાલયમાં ઝોન કક્ષાનો કલા ઉત્સવ યોજાઈ ગયો

લીલીયામોટા, તા.૧૦

લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે જી.સી.આર.ટી ભવન ગાંધીનગર જી.શી કચેરી તાલીમ ભવન અમરેલીના સંયુક્ત ઉપક્રમે બે દિવસિય ઝોન કક્ષાના કલા ઉત્સવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ આ તકે કલા ઉત્સવ ૨૦૨૬નું ઉધ્ઘાટન શાળા સંચાલક મંડળના પ્રમુખ અરૂણભાઈ પટેલ આચાર્ય કાર્તિકભાઈ વ્યાસના વરદહસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ આ તકે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડે આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરી સૌને આવકાર્યા હતા ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કરેલ બાદમાં ઝોન કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેવા આવેલ અમરેલી – જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર જિલ્લાની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ભાઈઓ બહેનોએ જુદા જુદા ચાર વિભાગ જેમાં સંગીત વાદન, ગાઈન વાદન, બાળ કવિ, ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો દરેક વિભાગ વાઈસ ૧૮ કૃતિઓ રજૂ કરવામાં આવેલ કુલ મળી ૭૨ કૃતિઓ રજૂ કરવામાં આવેલ જેમાં બાળ કલાકારોએ ઉમળકાભેર ભાગ લીધો હતો આ તકે ૭૨ માર્ગદર્શકો અને ૨૫ નિર્ણાયકો કામગીરીમાં જોડાયા હતા શાળા સંચાલક મંડળના મગનભાઈ વિરાણી, મનસુખભાઈ ચોપડા સહિતના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમના અંતે કૃતિમાં ભાગ લેનાર વિદ્યાર્થીભાઈઓ બહેનોને પ્રમાણપત્ર અને કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા શાળાના આચાર્ય ડો.હસમુખભાઈ કરડના માર્ગદર્શન તળે સ્ટાફ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.



## અમરેલી જિલ્લાનાં છેવાડાનાં વિસ્તાર સુધી સિંહોની અવરજવર વધી

# વડિયા વિસ્તારમાં સિંહોનો વસવાટ શરૂ હોય વાઈલ્ડ લાઈફ કચેરી જરૂરી

**વડિયાથી ૮૦ કિ.મી. દૂર લીલીયા ખાતે વાઈલ્ડ લાઈફ કચેરી હોય જે અનુકુળ નથી**

**સિંહોનાં વસવાટ માટે ઉત્તમ વાતાવરણ મળી રહ્યું હોય વધુ સુવિધા ઉભી કરવી જોઈએ**

**સુરવો નદી, ડેમ, સાંકરોળી ડેમ વિસ્તારમાં કાયમી ધોરણે સિંહોનો વસવાટ જોવા મળે છે**

**મોટા પ્રમાણમાં પાલતુ પશુઓ હોવાથી વાઈલ્ડ લાઈફ કચેરી અત્યંત જરૂરી**



વડિયા, તા. ૧૦

સમગ્ર દેશમાં ફકત ગીર વિસ્તારમાં એશીયાટિક સિંહોનો વસવાટ જોવા મળે છે. જંગલમાં માલધારીઓની સંખ્યામાં ઘટાડો, હોટલોનો વિકાસ, રિસોર્ટ કલચર જેવા અનેક કારણોથી સિંહ અને અન્ય પ્રાણીઓ હવે ગામડાઓમાં વસવાટ કરતા જોવા મળી રહ્યા છે. ગીર બાદ અમરેલી જિલ્લામાં પણ સિંહોનો વસવાટ હાલ વધી રહ્યો છે. અમરેલી જિલ્લાના છેવાડાના ગ્રામીણ વિસ્તાર એવા વડિયામાં પણ છેલ્લા ઘણા સમયથી સિંહ પરિવારનો વસવાટ કાયમી બનતો જોવા મળી રહ્યો છે. તેની સાથે આ વિસ્તારમાં દીપડા, હરણ, નીલગાય સહિતના વન્ય પ્રાણીઓનો વસવાટ આ વિસ્તાર બની ચુકયો છે. ચોમાસા બાદ સિંહોની ખૂબ મોટી સંખ્યામાં વસવાટ વડિયા વિસ્તારના અનેક ગામડાઓમાં જોવા મળે છે. સુરવો નદી અને ડેમ વિસ્તાર, સાંકરોળી ડેમ વિસ્તારમાં હવે કાયમી સિંહોનો વસવાટ બની ચુકયો છે. ત્યારે રોજ ડેમ અને નદી વિસ્તારમાં સિંહ પરિવાર વિહરતો જોવા મળે છે. આ વિસ્તારમાં માલધારીઓનો પણ મોટી સંખ્યામાં વસવાટ છે. ત્યારે અહીં ખુબ મોટા પ્રમાણમાં પાલતુ પશુઓ હોવાથી, પાણી અને રહેવા માટે વાતાવરણ અનુકૂળ આવતા હવે આ સિંહો અને અન્ય વન્ય પ્રાણીઓના રક્ષણ અને જાળવણી માટે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં વન વિભાગના વાઈલ્ડ લાઈફની કચેરી સ્થાપવી અનિવાર્ય બની ચુકી છે. હાલ વડિયા એ લીલીયા

અનુસંધાન પાના ૬ ઉપર


અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા
ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી
મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર
આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર
ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,41,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1
  Experience : 1-2 Years
- Sales & Marketing Officer - 2
  Experience : 1-2 Years
- Night Billing Executive - 2
  Experience : 1-2 Years
- Liaisoning Officer - 1
  Experience : 1-2 Years (Male)
- Junior Accountant - 1
  Experience : 1-2 Years
- Trainer – 2
  Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957



આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમની મુદ્દત
તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની સા.કુંડલા, દામનગર, નાગેશ્રી, ટીબી, ડુંગર, ડેડાણ, સહિતના નાના-મોટાગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે / સમયે રુબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)